# આધ્યાત્મિક કેડી

તંત્રી : સમ્પાદક : કૈલાસબહેન એન. પરીખ



પરમ તેજદાત્રી મા ગાયત્રી

વર્ષ ૨ ]    ઓકટોબર ૧૯૮૩    [

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ (નરેન્દ્રભાઈ બી. દવે) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેદ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ-૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

☐

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૨ • ઑક્ટોબર : ૧૯૮૩ • અંક ૪

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રાર્થના... | શ્રી નરેન્દ્રભાઈ બી. દવે (શાસ્ત્રીજી) | ૩ |
| ૨. | શિશુભાવે કરાતી શક્તિની ઉપાસના માનવીને મનોવિકારોથી બચાવે છે. ... ... | | ૭ |
| ૩. | દયા ધર્મકા મૂલ હે ... | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૧૦ |
| ૪. | સમષ્ટિનો સેવાયજ્ઞ ... ... | | ૧૫ |
| ૫. | દિવ્ય વધામણાં ... ... | | ૧૭ |
| ૬. | પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં ... ... ... | | ૧૮ |
| ૭. | જ્ઞાનગોષ્ઠિ ... ... | | ૨૦ |
| ૮. | આધ્યાત્મિક કેડી : પુરઃશ્ચરણના ભીતરમાં ... ... | | ૨૧ |
| ૯. | અ-લૌકિક ઈશ્વરીય શક્તિની લૌકિક કૃપાપ્રસાદી ... | | ૨૩ |
| ૧૦. | મકાન હોનારતમાંથી બચાવ ! ... ... | | ૨૮ |
| ૧૧. | શ્રધ્ધા, શરણાગતિ અને અભયવચન ... ... | | ૨૯ |
| ૧૨. | શ્રીસદ્‌ગુરુ વંદના | તપસ્વી નાન્દી ... | ૩૧ |
| ૧૩. | કાવ્યપ્રસાદ ... ... | | ૩૨ |
| ૧૪. | સમાચાર ... ... | | ૩૪ |


**નોંધ : આ અંકથી ૧૯૮૩ના વર્ષનું લવાજમ પૂરું થશે, તો ૧૯૮૪ના વર્ષનું લવાજમ રીન્યુ કરાવી લેવા વિનંતિ.**


વાર્ષિક લવાજમ : રૂ. ૧૦

આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેટ્રન કવાર્ટર્સ, ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

# પ્રાર્થના

નરેન્દ્રભાઈ બી. દવે (શાસ્ત્રીજી)

કળિકાળમાં ઈશ્વરની શરણાગતિ સિવાય માનવીનો કોઈ જયવારો નથી, આત્મશાંતિ ને શક્તિ પ્રાપ્ત કરવાનો આ એક માત્ર તરણોપાય છે, છતાં યુગપ્રવર્તક એવા યંત્રના પ્રભાવ હેઠળ, યંત્રની ત્વરિત-ઝડપી શક્તિ હેઠળ માનવી એકધામ દોટ મૂકી રહ્યો છે, પણ દળી દળીને કુલડીમાં ભરવા જેટલું માંડ સુખ-શાંતિ મેળવી શકે છે, ત્યારે જીવનમાં સાચાં સુખ-શાંતિ મળે ક્યાંથી?

જીવનમાં આધ્યાત્મિક અભિગમ – નીતિ, સદાચાર, સદ્‌ભાવ, સિદ્ધાંતનિષ્ઠા, સહૃદયતા, રાગદ્વેષ-અહંકારરહિતતા અને ઈશ્વરીય પ્રેમને અભિમુખ પોતાની ચેતનાને વાળી સન્માર્ગી ને સત્કર્મી બની ઈશ્વરની-ઇષ્ટની ઉપાસના કરવામાં આવે તો મને લાગે છે કે માનવી પોતાના આત્માનું બહુ મોટું કલ્યાણ સાધી શકશે.

આધ્યાત્મિકતાના અભિગમ ને ઈશ્વરીય ઉપાસનાના અવલમ્બન હેઠળ ઈશ્વરને પણ એ ત્વરિત પ્રાપ્ત કરી લેવા ઝંખતો હોય છે. મૂઠી ઉઘાડો ને ઈશ્વર હાથમાં કંઈક આપી દે, આંખનો એક પલકારો મારો ને ઈશ્વર હાજર થઈ જાય એવી માનવીની મનોવૃત્તિ જોવા મળે છે. યંત્રયુગનો આ એક પ્રભાવ છે. યંત્રના આ પ્રભાવમાંથી બહાર આવી જવું જોઈએ એમ મને સતત લાગ્યા કરે છે.

માનવીએ આત્મશાન્તિ-આત્માનન્દનું ચિરંજીવ ને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટે ઇષ્ટ આરાધ્ય એવા પરમ તત્ત્વ સાથે અનુસન્ધાન સાધવાની આવશ્યકતા છે.

સમયના વહેવા સાથે માનવીએ આત્મોન્નતિ સાધવાની છે. જીવનને વધુ ને વધુ ઈશ્વર તરફ-ઈશ્વરમાં તદ્રુપ બનાવવાનું છે. આત્મોન્નતિનાં જ્ઞાન, ભક્તિ, યોગ, કર્મ જેવાં અનેક સાધનો છે. છતાં વર્તમાન-કાળના વિષમ-વિપરીત વાતાવરણમાં શાન્તિ-આત્મશાન્તિ મેળવવા પ્રાર્થના એક સરળ, સરસ ને સચોટ સાધન છે. આથી ઈશ્વરાભિમુખ-ઇષ્ટાભિમુખ બનવા દરેક ઉપાસકે પ્રાર્થનાના ઉપક્રમને પોતાના નિત્યકર્મમાં અપનાવવો જોઈએ.

અહીં સહેજે પ્રશ્ન એ થાય કે, પ્રાર્થના એટલે શું? પ્રાર્થના કઈ રીતે કરી શકાય? પ્રભુને પ્રાર્થના કરવા માટે કોઈ વિધિવિધાન છે? શાસ્ત્રોક્ત નિયમ છે? પ્રાર્થનાનો પ્રારંભ ક્યારથી ને કેવી રીતે થયો? પ્રાર્થનાને આધ્યાત્મિકતા-ઈશ્વરોપાસના સાથે કોઈ સમ્બન્ધ છે? હોઈ શકે ખરો?

પ્રાર્થનાનો પરિચય સૌ પ્રથમ વેદ અને ઉપનિષદમાંથી થાય છે. તેમાં પ્રાર્થનાના જુદા જુદા મંત્રો મળે છે. વેદ વગેરે પ્રાચીનમાં પ્રાચીન ગ્રન્થો હોવાથી એમાંની પ્રાર્થનાઓ વિશ્વની પ્રાચીનમાં પ્રાચીન પ્રાર્થનાઓ કહી શકાય. રામાયણ, ભાગવત, ગીતા જેવા ગ્રન્થોમાંથી પણ પ્રાર્થનાના પ્રતિધ્વનિ સાંભળવા મળે છે, જે તે તે ગ્રન્થોના અધ્યયન દ્વારા સમજાશે.

પ્રાર્થના એ વ્યક્તિનું–ઉપાસકનું પ્રભુને આત્મનિવેદન છે. પોતાની જાતને પ્રભુ આગળ રજૂ કરવાનો તરીકો છે. હૃદયની વાતોની પ્રભુ સમક્ષ અભિવ્યક્તિ પ્રાર્થનાના માધ્યમ દ્વારા થાય છે, થઈ શકે છે. પ્રભુને પ્રાર્થના કરવા માટે કોઈ વિધિવિધાન નથી, તેનો કોઈ શાસ્ત્રોક્ત નિયમ પણ નથી, તેમ જ પ્રાર્થનાનું કોઈ ચોક્કસ ધોરણ નથી કે પ્રાર્થના આ રીતે કે તે રીતે જ થઈ શકે.

પ્રાર્થના એ વ્યક્તિનો–ઉપાસકનો નર્યો આધ્યાત્મિક–ઈશ્વરવિષયક મનોવ્યાપાર છે. પ્રાર્થના ઉપાસનાને બળ આપનારું, વેગ આપનારું આધ્યાત્મિક–ઈશ્વરીય તત્ત્વ છે, એટલું જ નહિ, ઈશ્વરીય પ્રેમને જાગ્રત કરનારું પારલૌકિક તત્ત્વ છે. એથીયે આગળ જઈને કહીએ તો, સ્વને પ્રભુમાં લીન કરવાની, પ્રભુને પામવાની વ્યક્તિના–ઉપાસકના હૃદયમાં ચાલતી સૂક્ષ્મ–અગમ્ય–અદૃષ્ટ મનોમય લીલા–પ્રક્રિયા તે પ્રાર્થના.

પ્રાર્થના પોતાને બદલે અન્યના શ્રેય–હિતને ખાતર પણ પ્રેમપૂર્ણ હૃદયે, શુદ્ધ, સાત્ત્વિક ભાવથી કરી શકાય છે. પોતાને બદલે અન્યને માટે કરાતી પ્રાર્થના વ્યક્તિને–ઉપાસકને ઇષ્ટ પ્રતિ–ઈશ્વરપ્રતિ વધુ વાળે છે ને તેના વિશેષ કૃપાપાત્ર બનાવે છે. અન્યને માટે કરાતી પ્રાર્થના વ્યક્તિને એક ઊંડી આત્મશાન્તિનો અનુભવ કરાવે છે.

અહીં બીજો એક પ્રશ્ન સહેજે ઉદ્‌ભવે કે પ્રાર્થનાની ભાષા કઈ ને કેવી? જેમ પ્રાર્થનાને કોઈ નીતિનિયમ નથી, તેમ તેની કોઈ ભાષા પણ નથી. મેં અગાઉ તો કહ્યું કે એ કેવળ મનોમય લીલા–પ્રક્રિયા છે. અટલે હૃદયમાં જે સહજ ભાવ જન્મ્યો, જે લાગણી જાગી, જે દુઃખ ઉદ્‌ભવ્યું, જે મૂંઝવણ–આપત્તિ આવી તેને સહજ ભાવે–યથાતથ પ્રભુની આગળ રજૂ કરવાની રહે છે. પ્રાર્થના એ ઉપાસકના વ્યક્તિના હૃદયના સહજ ઉદ્‌ગાર છે, તેથી તેની અભિવ્યક્તિ પણ સહજ ને સરળ જ હોય. તેમાં અલંકારિકતાની કે કોઈ સાહિત્યિક ભાષાની આવશ્યકતા નથી. ક્યારેક એ શાબ્દિક હોય છે તો ક્યારેક પ્રાર્થના મૂક–મૌન પણ બની રહે છે. દા. ત. દશે દિશાએથી આધિ–વ્યાધિ–ઉપાધિથી ઘેરાયેલો મનુષ્ય કે જેને કશું જ સૂઝતું–સમજાતું નથી તે મનોમન ઈશ્વરને યાદ કરી નિઃશબ્દ સ્તબ્ધ બની બેસી જાય તો તે સ્તબ્ધતા ને નિઃશબ્દતા પણ તેની એક સબળ ને પ્રબળ પ્રાર્થના બની રહે છે. અને એ પ્રાર્થના પ્રભુ સુધી પહોંચે જ પહોંચે. કારણ કે ઈશ્વર અન્તર્યામી છે.

પ્રાર્થનાનો સ્રોત વ્યક્તિનું ભાવજગત છે, પ્રેમવિશ્વ છે. પ્રેમ ને ભાવના વિના કરાતી, શ્રદ્ધા ને શરણાગતિ વિના કરાતી પ્રાર્થના તો શું ઉપાસના માત્ર કેવળ એક સ્થૂળ ક્રિયા જ બની રહે છે! પ્રાર્થનાની અભિવ્યક્તિ સરળ છતાં પ્રાણવાન હોવી જોઈએ. પ્રાર્થનાની અભિવ્યક્તિ તમારા અસ્તિત્વના અણુએ અણુમાંથી ઉદ્‌ભવવી જોઈએ. એનો પોકાર પડવો જોઈએ અને ત્યારે જ એ પ્રાર્થના પ્રભુ સુધી પહોંચી શકે.

કોઈપણ માનવી કે ઉપાસક કોઈપણ પળે, સહજ ભાવે જ ઈશ્વરનું સ્મરણ આદરે ત્યારે એ સ્મરણની તત્કાળ કે પશ્ચાદ્‌વર્તી અસરોનો અનુભવ અવશ્ય થાય છે. એક સાદો–નાનો દાખલો આપું કે, એક વિદ્યાર્થી, ઊગતો યુવાન છે. પરીક્ષા નજીક આવી રહી છે. દરેક વિદ્યાર્થીને ડરાવતો પરીક્ષાનો હાઉ તેને પણ ડરાવે છે, પણ આ એક વિદ્યાર્થી ઈશ્વરને સંબોધીને સહજપણે જ બોલી ઊઠે છે કે, 'ઓ ભગવાન, મને પરીક્ષામાં મદદ કરજે ને પાસ કરજે.' આમ સહજ ભાવે કોઇક પળે ઉચ્ચારાયેલું આ વિધાન વિદ્યાર્થીને પરીક્ષામાં સફળતા સંપડાવી આપે અને એ ઊગતા યુવાનને ઈશ્વર પ્રત્યે જે અનુરાગ જાગે, શ્રદ્ધા ઉદ્‌ભવે, અને જે રીતે ભગવાનની શરણાગતિ સ્વીકારે તે તેના સમસ્ત જીવનને પ્રતિદિન સર્વ રીતે સુખી, સમૃદ્ધ ને ઉન્નત બનાવે છે. ઈશ્વરીય પ્રેમનો આ પ્રાદુર્ભાવ તેને ઉપાસનાને

અભિમુખ બનાવે છે, એટલું જ નહિ, તેની ઉપાસનાને ગતિ પણ અર્પે છે. તે ઈશ્વરીય પ્રેમનો અધિકારી બની અલૌકિક અનુભવો કરવાને શક્તિમાન બને છે.

પ્રાર્થનાનું આ એક પરિમાણ છે.

પ્રાર્થનાનાં આવાં તો અનેક પરિમાણો ને પરિણામો વ્યક્તિએ-વ્યક્તિએ, ઉપાસકે-ઉપાસકે ભિન્ન ભિન્ન સ્વરૂપે જોવા મળતાં હોય છે, કોઈપણ સ્થળે, કોઈપણ સમયે, કોઈપણ અવસ્થામાં – સૂતાં, બેસતાં, હરતાં, ફરતાં, કામ કરતાં કે નવરાશની પળોમાં, કોઈ શુભ અવસરે કે અમંગળનાં એંધાણ વખતે કે અશુભ પળોમાં પણ પ્રભુને-ઇષ્ટને પ્રાર્થના થઈ શકે છે, એમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી. કારણ કે, મેં ઉપર જ કહ્યું કે પ્રાર્થના એ વ્યક્તિનો કેવળ આધ્યાત્મિક મનોવ્યાપાર છે. વ્યક્તિનો આ આધ્યાત્મિક મનોવ્યાપાર, એનાં માનસિક સંચલનો પ્રભુ સાથે અનુસંધાન સાધી આપે છે જે મંગળ કે અમંગળ સર્વ પળે ઉપકારક, શ્રેયસ્કર ને પ્રેરક બની રહે છે.

પ્રાર્થના વ્યક્તિને ભૌતિક રીતે પણ સુખી ને સમૃદ્ધ બનાવે છે. પ્રાર્થનાનું બળ, પ્રાર્થનાનો પ્રભાવ વ્યક્તિની શારીરિક, માનસિક, સામાજિક, કૌટુમ્બિક, આર્થિક, વિદ્યાકીય તેમ જ અન્ય સર્વ ઘટનાઓ-બાબતો પરત્વે છવાઈ રહે છે, મનુષ્યના જીવનની સઘળી કાર્યવાહીઓ સરસ ને સફળ બનતી જાય છે કારણ કે એ પ્રાર્થનાના બળ ને પ્રભાવ હેઠળ છે. તેથી જ વ્યક્તિ તન-મનની સુખાકારી માટે, નિજની સમૃદ્ધિ અર્થે, શાંતિ ને સ્વસ્થતા માટે, દીનતા ટાળવા માટે, મનોબળની દૃઢતા માટે તેમજ આત્મવિશ્વાસની જાગૃતિ ને વૃદ્ધિ અર્થે પણ પ્રભુને અવિરત પ્રાર્થતી હોય છે. વ્યક્તિનું દૃઢ મનોબળ અને આત્મવિશ્વાસ મનુષ્યજીવનને અડધું સફળ ને સરળ બનાવી દે છે. એટલું જ નહિ, વ્યક્તિને નિજના ધ્યેયની સમીપ લઈ જાય છે.

આ તો જીવનના સ્થૂળ-ભૌતિક સુખની વાત થઈ, જે પ્રાર્થનાના પરિમાણ વડે મનુષ્ય સિદ્ધ કરી શકે છે.

પણ એથી આગળ જઈ વાત કરીએ તો પ્રાર્થના વ્યક્તિમાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા જગાડે છે અને જાગેલી શ્રદ્ધાને દૃઢીભૂત કરે છે. ઈશ્વરની શરણાગતિનું એક નવું જ પરિમાણ સિદ્ધ કરી બતાવે છે. અને પછી સમ્પૂર્ણતઃ ઈશ્વરને આધીન થયેલો માનવી પ્રત્યેક પળે ને પ્રત્યેક ક્ષણે પોતાને તેનો-પ્રભુનો-બનાવવા, તેની ઉપસ્થિતિનો અનુભવ કરાવવા, તેની ઝાંખી, તેનાં દર્શન કરાવવા વિનંતીઓ-આજીજીઓ-કાકલૂદીઓ કરતો રહે છે. કારણ કે હવે તેને ઈશ્વરમાં સમ્પૂર્ણ વિશ્વાસ જાગ્યો છે. ઈશ્વર સિવાય સર્વ જગત નિરસાર જણાય છે. પ્રાર્થનાએ તેને આ સિદ્ધ કરી બતાવ્યું છે. આથી તે નિરંતર પ્રભુમય-પ્રભુની પ્રાર્થનામય બની ગયો છે-બનતો જાય છે.

આમ પ્રાર્થના વ્યક્તિના ભૌતિક તેમજ આધ્યાત્મિક અભ્યુદય સાધવા માટેનું એક આગવું ને વિલક્ષણ પરિબળ છે જે સુલભ છે, સુગમ છે. આ જ પ્રાર્થના વ્યક્તિને ભૌતિકતાથી આધ્યાત્મિકતા પ્રતિ, જીવને શિવ પ્રતિ વાળે છે. જીવને શિવના અદ્વૈત માટે પ્રાર્થના એક સેતુ સમાન બની રહે છે.

ગાયત્રી-મન્ત્ર પણ પ્રાર્થના જ છે ને! સાત્ત્વિક અને વેદોક્ત એવી સૂર્યદેવતાની પ્રાર્થના તે ગાયત્રી મન્ત્ર. ગાયત્રી મન્ત્રનો ભાવાર્થ જોઈએ તો,

હે રક્ષક! પ્રાણાધાર! દુઃખનાશક! આનન્દદાયક! ગ્રહણ કરવા યોગ્ય, જગદુત્પાદક, સર્વશ્રેષ્ઠ અને શુદ્ધ, પાપનાશક તેજ સ્વરૂપનું અમો ધ્યાન ધરીએ છીએ. કે, હે સવિતાદેવ, અમારી બુદ્ધિને શુદ્ધ, સન્માર્ગે, શુભ કર્મોમાં પ્રેરણા કરે.

તો જે વ્યક્તિ-ઉપાસક નિજને શુદ્ધ સન્માર્ગે વાળી, સત્કર્મો કરવાની પ્રેરણા પ્રાપ્ત કરવા સૂર્યદેવતાને પ્રાર્થે તેનો સમસ્ત જીવનવ્યવહાર-સ્થૂળ ને સૂક્ષ્મ-ભૌતિક અને આધ્યાત્મિક-સર્વ રીતે સુખકર ને શ્રેયસ્કર બને છે. જે વ્યક્તિ સન્માર્ગે છે, સત્કર્મ કરે છે, તે ઈશ્વરની સમીપ જવાનો અધિકારી બને છે, કે પછી ત્વરાથી સમીપ જાય છે. વ્યક્તિ કદાચ આ ભવે તેના પૂર્વનાં કર્મોને કારણે આધિ, વ્યાધિ, ઉપાધિથી પીડાતો હોય તો ય તેના સન્માર્ગગામીપણાથી અને સત્કર્મથી પુણ્ય સંચિત થતું જાય છે ને ક્રમશઃ તેનું પલ્લું ઊંચે જાય છે. જેવા જીવનમાં કેવળ સન્માર્ગ છે, સત્કર્મ છે તે ભૌતિક અને આધ્યાત્મિક ઉભય રીતે સુખી ને સમૃદ્ધ બને છે.

ગાયત્રી મન્ત્રની અવિરત આરાધના-જપ એ અવિરત પ્રાર્થના છે, અને તેથી જ એના ઉપર વધુ ને વધુ ભાર મુકાઈ રહ્યો છે.

પ્રાર્થનાનો બીજો પણ એક બહુ મોટો લાભ છે, જે પ્રત્યેક વ્યક્તિએ સમજી લેવાનો છે અને એ લાભ લેવા તત્પર થવાનું છે, એનો સદુપયોગ કરવાનો છે.

આજનો સમય બહુ ખરાબ છે. સર્વત્ર સ્વાર્થ, વેર, ઝેર, ઇર્ષ્યા, સંકુચિત મનોવૃત્તિ, વ્યક્તિના પૂર્વગ્રહો-અભિગ્રહો, ગમા-અણગમા જોવા મળે છે. જીવન અને સમાજની દરેક બાબતમાં એ કારણભૂત બનતાં જ હોય છે. વધતે-ઓછે અંશે. આથી દરેક વ્યક્તિ વધતે ઓછે અંશે એનો ભોગ બનતી જ હોય છે. એવા સમયમાં કોઈ પર પણ સમ્પૂર્ણ વિશ્વાસ મૂકી શકાય નહિ. એવી કોઈ પણ વ્યક્તિની સલાહ પર-અભિપ્રાય પર કોઈપણ પ્રકારનો આધાર રાખી શકાય નહિ. જીવનમાં એવા અનેક તબક્કાઓ--પળો આવતાં હોય છે, જ્યારે વ્યક્તિને કોઈની સલાહની-માર્ગદર્શનની-આધારની જરૂર પડતી હોય છે, ત્યારે આસપાસના વાતાવરણ-વ્યક્તિનો આશ્રય લેવા જતાં એ સમ્પૂર્ણ નિઃસ્વાર્થ-નિરપેક્ષ હોય કે કેમ? એ વિશે અચૂક શંકા રહે. આથી વ્યક્તિનું ગૂંચવાયેલું કોકડું વધુ ગૂંચવાય, કે એ અવળે રસ્તે પણ દોરાવાનો સંભવ રહે. ત્યારે પ્રશ્ન સહજપણે જ ઉદ્‌ભવે કે, તો માણસ જાય ક્યાં?

મહત્ત્વનો મુદ્દો છે. માણસને માટે - પ્રત્યેક માણસને માટે એક બહુ મોટું આશ્રયસ્થાન છે, જ્યાંથી મનુષ્ય કદી ખાલી હાથે પાછો ફરી શકે નહિ. ત્યાં જઈને તે વિજયી બને જ છે. કદાચ પોતાના કર્મબળે વ્યક્તિને ધારેલો વિજય ન મળે તો ય તે હારીને પણ જીતે જ છે. તેની હારમાં જ જીત સમાયેલી હોય છે. કારણ તે સંકેતપૂર્વકની-ઈશ્વરપ્રેરિત જ હોય છે. આવું આશ્રયસ્થાન તે જગન્નિયંતા પરમાત્મા. પરમાત્માનો આશ્રય લઈ, શ્રદ્ધાપૂર્વક એને ભજનારો, નિરંતર પરમાત્માની યાચના કરનારો પ્રભુને પ્રિય બને છે, એની સમીપ જાય છે. જે પ્રભુને પ્રિય છે, પ્રભુની સમીપ છે તેને શું દુષ્કર હોય?

અર્થાત્ વ્યક્તિ જો સામાજિક, કૌટુમ્બિક કે માનવીની લૌકિક સહાય કરતાં અલૌકિક, જે super natural element, જે અસાધારણ, અસામાન્ય, સર્વત્ર, સર્વવ્યાપક એવા પરમતત્ત્વની સહાય યાચે, એનો આશ્રય લે, તો આજના આ યન્ત્રયુગમાં એને જીવનપર્યન્તની હૈયાધરપત રહેશે. પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથે સમ્પર્ક સાધી એની સહાયની યાચના કરનાર પ્રત્યેક મનુષ્યનું જીવન ઉજ્જવળ, ઉન્નત, સુખી ને સમૃદ્ધ બનશે. At least-કમસે કમ તે આત્મશાન્તિનો તો અવશ્ય અનુભવ કરશે જ કરશે. આજે સુખ, સગવડ ને મનોરંજનનાં ઘણાં સાધનો વિકસતાં જાય છે, છતાં પરમતત્ત્વ, એની શરણાગતિ, એની ઉપાસના, એના પ્રાર્થના જ એક એવું માધ્યમ છે, જે માનવીને સાત્ત્વિક ને શાશ્વત સુખ, સગવડ, મનોરંજન, આહ્‌લાદ-આનન્દ આપશે એમાં કોઈ શંકા નથી.

□

# શિશુભાવે કરાતી શક્તિની ઉપાસના માનવીને મનોવિકારોથી બચાવે છે!

શ્રીમદ્ દેવી ભાગવતના પ્રથમ ખણ્ડના ત્રીજા સ્કંધના ત્રીસમા અધ્યાયમાં શ્રી રામચન્દ્ર ભગવાને નવરાત્રનું વ્રત કર્યાની કથા આવે છે, તે આ પ્રમાણે છે:

શ્રીલંકાના રાજા રાવણે સીતાનું અપહરણ કર્યું હોઈ, રામ શોકમગ્ન બેઠા છે. ભાઈ લક્ષ્મણ રામને આશ્વાસન આપે છે. તેવામાં નારદમુનિ ત્યાં આવી ચડ્યા. રામને શોકમગ્ન જોઈ તેમણે કહ્યું: "હે રાઘવ! તમે ઘણા જ શોકગ્રસ્ત લાગો છો, તમારી ચિંતા હું જાણું છું. દુષ્ટાત્મા રાવણ કપટથી સીતાનું હરણ કરી ગયો તે બાબતથી હું અજાણ નથી, પરન્તુ રાવણને એવી કુબુદ્ધિ સૂઝી તેનું કારણ એ છે કે તમારો અવતાર લંકાપતિ રાવણના નાશ માટે થયો છે અને એથી જ તેને જાનકીને હરી જવાની કુબુદ્ધિ સૂઝી છે."

સીતાના પૂર્વજન્મનું વૃત્તાંત વર્ણવતાં શ્રી નારદમુનિએ કહ્યું કે, "સીતાજી પૂર્વજન્મમાં એક તપસ્વીનાં પુત્રી હતાં. એક વેળા તપ કરી રહેલાં સીતાજીને રાવણ જોઈ ગયો અને તેમના પર મોહિત થઈને કહ્યું કે, 'તું મારી પત્ની બન!' ત્યારે તેમણે રાવણને ધુત્કારી કાઢયો. રાવણ તેનો ચોટલો પકડી તેને ખેંચવા લાગ્યો. આથી તે મુનિકન્યાએ રાવણના સ્પર્શથી પોતાના દેહને દૂષિત થયેલો માની તે વખતે જ દેહ ત્યજી દેવાનો નિર્ણય કરી રાવણને શાપ આપ્યો કે, 'હે અધમ! પાપાત્મા! તારા નાશનું કારણ બનવા માટે હવે હું પૃથ્વી પર અયોનિજ શ્રેષ્ઠ સ્ત્રી થઈશ'. આટલું કહી તેણે પ્રાણ ત્યજ્યા. તે જ આ લક્ષ્મીના અંશથી ઉત્પન્ન થયેલી સીતાને રાક્ષસ રાવણે, પોતાના જ કુળનો વિનાશ કરવા મોહવશ થઈ હરી છે. પરન્તુ તમે તેની ચિન્તા ન કરશો. રાવણે હજુ તેને ભ્રષ્ટ કરી નથી, તે ત્યાં સતીધર્મમાં તત્પર રહી નિશદિન તમારું ધ્યાન કર્યા કરે છે. રાવણનો નાશ થયા વિના તે તમને પ્રાપ્ત થવી મુશ્કેલ છે. માટે રાક્ષસ રાવણનો નાશ કરવાનો ઉત્તમ ઉપાય તમને કહું છું તે સાંભળો. આશ્વિન મહિનામાં શુક્લપક્ષમાં તમે શ્રદ્ધાપૂર્વક દેવીના નવરાત્રવ્રતનું અનુષ્ઠાન કરો. નવરાત્રમાં ભગવતીનું આરાધના કરનારને સમ્પૂર્ણ સિદ્ધિ દેવીની કૃપાથી મળે છે.

અગાઉ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ઇન્દ્રે પણ નવરાત્ર વ્રતનું અનુષ્ઠાન કરેલું છે. માટે તમે શ્રદ્ધા-ભક્તિપૂર્વક આ ઉત્તમ નવરાત્ર વ્રત આદરો. જ્યારે કઠિન પરિસ્થિતિમાં મનુષ્ય મુકાય ત્યારે આ વ્રત અવશ્ય કરવું જોઈએ.

હે માધવ! અગાઉ વિશ્વામિત્ર, ભૃગુ, વસિષ્ઠ અને કશ્યપ દ્વારા આ વ્રતનું અનુષ્ઠાન થઈ ચૂકેલું છે. તમે રાવણવધ નિમિત્તે આ વ્રતનું અનુષ્ઠાન કરો. વૃત્રાસુરના વધ માટે ઇન્દ્ર તથા ત્રિપુરવધ માટે ભગવાન શંકરે પણ આ સર્વોત્કૃષ્ટ વ્રતનું અનુષ્ઠાન કરેલું હતું અને પોતાની સ્ત્રીનું હરણ થવાથી તેને પ્રાપ્ત કરવા માટે બૃહસ્પતિએ પણ આ નવરાત્ર વ્રત કર્યું હતું, એટલે આ વ્રત તમારે માટે કલ્યાણકારી બનશે."

આથી શ્રીરામે નારદજીને એ અંગે પૃચ્છા કરી.

નારદજીએ કહ્યું : "હે રામ! એ સનાતન આદ્યશક્તિની કૃપાથી સવ કામનાઓ સિદ્ધ થાય છે. એમની આરાધના કરનારના દુઃખો દૂર કરવાનો એમનો સ્વાભાવિક ગુણ છે. બ્રહ્મા-પ્રભૃતિ સર્વ પ્રાણીઓનાં નિમિત્ત કારણરૂપ તે જ છે. તેમની શક્તિ સિવાય કોઈ હલનચલન કરવા પણ સમર્થ નથી. વિષ્ણુની પાલનશક્તિ, મારા પિતા બ્રહ્માની કર્તૃત્વશક્તિ અને મહેશ્વરની સંહારશક્તિ એ દેવી જ છે. ત્રણે ભુવનમાં જે કોઈ ઠેકાણે જે કંઈ સત્-અસત્ વસ્તુ છે, તે જે સર્વની શક્તિ છે, તેની ઉત્પત્તિ કર્યાંથી હોય! એટલે કે પરબ્રહ્મસ્વરૂપ એ ભગવતીની ઉત્પત્તિ ન જ હોય.

જે સમયે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સૂર્ય અને ઇન્દ્ર આદિ દેવો તેમ જ પૃથ્વી કે પર્વતો હોતા નથી, ત્યારે યુગાદિ સમયે પણ પૂર્ણ પ્રકૃતિરૂપ શિવાદેવી પરમાત્માની સાથે વિહરે છે, ત્યારે તે નિર્ગુણ હોય છે, પરન્તુ સૃષ્ટિ સમયે સગુણ થઈ પ્રથમ બ્રહ્મા આદિને સરજી તેમને સર્વ શક્તિઓ આપી એ દેવી ત્રણે ભુવનને સર્જે છે. તેનાં એટલાં બધાં નામો છે કે તે કહેવાને હું સમર્થ નથી."

શ્રીરામ અને લક્ષ્મણે નારદમુનિએ કહ્યા પ્રમાણે વ્રત કરવાથી આશ્વિન (આસો) સુદી અષ્ટમીના દિવસે સિંહ પર આરૂઢ થયેલાં ભગવતી દેવીએ તેઓને દર્શન આપી કહ્યું : "હે રઘુનંદન, તમે કરેલા વ્રતથી હું પ્રસન્ન થઈ છું માટે તમે મનવાંછિત વરદાન માગો. ખાસ દુષ્ટાત્મા રાવણનો વધ કરવા માટે, દેવોથી પ્રાર્થના કરાયેલા તમે મનુના વંશમાં વિષ્ણુના અંશથી અવતર્યા છો. આ પહેલાં પણ તમે દેવોના કલ્યાણ અર્થે મત્સ્યાવતાર લઈ રાક્ષસોને હણી વેદોનું રક્ષણ કર્યું હતું. આવી રીતે જુદા જુદા અવતારો લીધા પછી તમે હમણાં રાજા દશરથના પુત્ર તરીકે દેવોની પ્રાર્થનાથી અવતર્યા છો. હે કાકુત્સ્થ! જે અસંખ્ય વાનરો છે, તે બધા બળવાન છે. મારી શક્તિથી આ વાનરો તમને ઉત્તમ સહાય કરનારા થશે. તમારા ભાઈ લક્ષ્મણ શેષનાગના અંશરૂપ હોવાથી તે રાવણના પુત્ર મેઘનાદનો વધ કરશે.

લંકામાં જઈ દુષ્ટાત્મા રાવણનો નાશ કરી, અગિયાર હજાર વર્ષ સુધી અયોધ્યામાં રાજ્ય કરી તમે પાછા સ્વર્ગમાં જશો." એમ કહી દેવી અન્તર્ધાન થઈ ગયા.

*

કર્મનું બન્ધન રાજા હોય કે રંક દરેકને નડે છે. અને તે કોઈ એક ભવનું નહિ, ભવોભવનું કર્મ મનુષ્યને ક્યારે કયા જન્મે ભોગવવાનું આવે તે કહી શકાય નહીં, કર્મની અસર હેઠળ જ માનવી સત્-અસત્ કર્મ કરવા પ્રેરાય છે. વ્યક્તિના મનોવિકારો જેવા કે કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, અભિમાન--અહંકાર અને એવી અનેક દુર્વૃત્તિઓ વ્યક્તિ નિજના કર્મના બન્ધન પ્રમાણે જ અનુભવે છે. અહીં રાવણને સીતાનું હરણ કરવાનો આવેલો વિચાર તેના કર્મનો જ દ્યોતક છે તે સ્પષ્ટપણે જોઈ શકાય છે. એક માનવીના મનના વિકારો, તેની દુર્વૃત્તિઓ પોતાને માટે તો નુકસાનકારક છે જ, પણ અન્યને પણ તે નડતરરૂપ ને બહુ મોટા નુકસાનમાં ઉતારે છે, મુશ્કેલીમાં મૂકી દે છે. તે ઉપરોક્ત કથા પરથી જ સિદ્ધ થાય છે કે રાવણે કરેલું સીતાનું હરણ રામને કેટલી મોટી મુશ્કેલીમાં મૂકી દીધા.

આથી એમ કહી શકાય કે વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર કે સમગ્ર વિશ્વનાં નાનાં-મોટાં દુઃખોમાં વ્યક્તિનાં નિજનાં કર્મો જ વિકારો-દુર્વૃત્તિઓ જ કારણભૂત-એક માત્ર નિમિત્તરૂપ બની રહે છે. વ્યક્તિના મનનો એક શુભ સંકલ્પ, વિચાર, તેનું વર્તન, વલણનાં આંદોલનો આસપાસના વાતાવરણમાં પ્રસરીને એક શુભ સ્થિતિનું નિર્માણ કરે તે જ રીતે માનવીના મનનો એક ખરાબ વિચાર, તેની દુર્વૃત્તિ-મનોવિકાર વાતાવરણને આ અને આવી અનેક રીતે કલુષિત કરી વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય ને વૈશ્વિક કક્ષાએ નુકસાનકારક નીવડી શકે છે.

વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય ને વૈશ્વિક હિતને ખાતર-શ્રેયને ખાતર પ્રત્યેક વ્યક્તિએ પોતાના મનોગત વિકારોને દૂર કરવા ને સદ્‌વિચારોને હૃદયમાં સતત ધારણ કરવા પ્રયત્ન કરવો જોઈએ. ત્યારે પ્રશ્ન એ થાય કે 'મનોવિકારોને દૂર કરી સદ્‌વિચારોને, શુભ સંકલ્પોને ધારણ કરવાનું કોઈ ચોક્કસ ધોરણ કે નીતિનિયમ ખરાં? હા, વળી, કેમ નહિ?

આપણા શાસ્ત્રો-ગ્રંથો, વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ, મહાભારત, ભાગવત વગેરે અનેકવિધ રીતે ઈશ્વરીય ઉપાસનાના સાતત્યનો આદેશ આપે છે. જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગનાં વિવિધ પાસાંઓ સુવિદિત છે. જેમ અસ્વચ્છ જગાએ, જ્યાં કચરો વારંવાર ભેગો થયા કરતો હોય ત્યાં વારંવાર સાફસફી કરવાથી કે પાણીનો છંટકાવ કરવાથી જગ્યા સ્વચ્છ બને છે ને કચરો ભેગો થતો અટકે છે તેમ હૃદયની ભૂમિ પર વિકારો-દુર્વૃત્તિઓની મલિનતાના પરિહાર માટે ઈશ્વરીય-ઇષ્ટની ઉપાસના ભક્તિ અને એથી યે વિશેષ તેનું સતત મનન, સ્મરણ, ચિંતન અત્યંત ઉપકારક બની રહે છે. ઈશ્વરના-ઈષ્ટના સ્મરણનું સાતત્ય મનની મલિનતાને દૂર કરશે જ કરશે. માનવીના હૃદયની પવિત્રતા સાત્ત્વિકતા ને શુદ્ધિ એ રીતે વ્યક્તિગત તો ખરી જ પણ સામાજિક, રાષ્ટ્રીય ને વૈશ્વિક સન્દર્ભે બહુ મોટી ઉન્નતિ ને ઉત્થાન સાધી શકશે. આથી પ્રત્યેક માનવીએ હૃદયની પવિત્રતા, સાત્ત્વિકતા ને શુદ્ધિની સીમાઓ સુધી જેટલો બને તેટલો વધુ ને વધુ સમાન ને સબળ પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

શક્તિ ઉપાસનાને સર્વોપરી ને શ્રેષ્ઠ કહી છે. ખુદ દેવોએ પણ તેનો આશ્રય લીધો છે, તે હકીકત ઉપરોક્ત કથા પરથી પણ સ્ફુટ થાય છે. તો પામર માનવી પણ એ શક્તિ ઉપાસનાનો આશ્રય કેમ ન લઈ શકે?

વ્યક્તિ પોતાના ઇષ્ટની ઉપાસના સાથે શક્તિની પણ ઉપાસના આદરે તો તે વિશેષ કલ્યાણ-કારક ને શ્રેયસાધક બની રહેશે. શક્તિની માતૃસ્વરૂપે ઉપાસના આદરવામાં આવે ત્યારે મા પોતાના બાળકને-શરણાગતને શુભ વિચારો-સંસ્કારો-શક્તિનું સિંચન કરી, તેને યથાયોગ્ય માર્ગે વાળે છે. આથી ઉપાસકે શક્તિ ઉપાસના આદરતાં શિશુભાવ કેળવવાનો રહે છે. શિશુભાવે શક્તિની કરાતી ઉપાસના વ્યક્તિને-સર્વ રીતે મદદરૂપ બની રહેશે ને વ્યવહાર જગતમાં તેને કોઈ લૌકિક સહાયની જરૂર નહિ પડશે અથવા તેને સહાય કરનારા આપોઆપ માતૃપ્રેરણાથી આવી મળશે ને નિજના ધ્યેય સુધી પહોંચાડવામાં સેતુરૂપ બનશે. પરાજય પામેલો મનુષ્ય, મુશ્કેલીમાં મુકાયેલો માનવી રામની જેમ મુશ્કેલીમાંથી મુક્ત બની વિજયી બનશે.

□


મા ગાયત્રીની કૃપા

શ્રી ગણેશ ટ્રેડર્સ

'ભગવતી'

✳

ઉદ્‌વાડા–Rs. ૩૯૬૧૮૫



# "દયા ધર્મકા મૂલ હૈ..."

ડૉ. કાન્તિલાલ કાલાણી

વૈશેષિક દર્શને ધર્મની અતિ સુન્દર વ્યાખ્યા કરી છે. યતોઽભ્યુદયનિઃ શ્રેયસસિદ્ધિઃ સ ધર્મઃ। એ ધર્મ છે જેનાથી (આ જીવનનો) અભ્યુદય અને (ભાવિ જીવનમાં) કલ્યાણની સિદ્ધિ થાય. કોઈ પણ પદાર્થની વિધાયક આન્તરિક વૃત્તિ અથવા વૃત્તિઓને એનો ધર્મ કહે છે. કરુણા અથવા દયા એ મનુષ્યને અનન્તતા સાથે અનુસન્ધાન કરાવી આપતી એક મહત્તમ આન્તરિક વૃત્તિ છે. જે લક્ષણ પર પદાર્થનું વ્યક્તિત્વ નિર્ભર છે તે જ એ પદાર્થનો ધર્મ છે. એ લક્ષણ અથવા લક્ષણોમાં ઘટ પડે એટલે એ પદાર્થનો ક્ષય થાય છે. વૃક્ષનું મૂળ સડે એટલે જેમ વૃક્ષનો નાશ થાય છે અને મૂળની વૃદ્ધિ થતાં જેમ વૃક્ષ પાંગરે છે તેમ મનુષ્યમાં સદ્ લક્ષણોનો વિકાસ થતાં એ વધુ ને વધુ બૃહત્‌ની સમીપ જાય છે.

ધર્મનાં ત્રીસ લક્ષણો નોંધાયાં છે. તેમાં સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા, શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, સન્તોષ વગેરેનો સમાવેશ થાય છે. મનુષ્યનું વ્યક્તિત્વ અનેક લક્ષણો પર અવલંબિત છે. એમાં એક મહત્ત્વનું લક્ષણ દયા છે. સન્ત તુલસીદાસે દયાભાવનો ભારે મહિમા કર્યો છે.

'દયા ધર્મકા મૂલ હૈ, પાપમૂલ અભિમાન,
તુલસિ દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાણ.'

કોઈ કહે છેઃ ધર્મમૂલં હિ ભગવાન્‌ – ભગવાન ધર્મનું મૂળ છે. તુલસીદાસે ભગવાનને દયાના, કરુણાના સાગર તરીકે ઓળખાવ્યા છે. તેઓ ભગવાન માટે કરુણાનિધાન, પરમકૃપાળુ, કૃપાસિન્ધુ, કૃપાનિધાન, કરુણાભવન, દીનદયાળુ, દીનબન્ધુ, ગરીબનવાજ, અનાથોના નાથ, દયાળુ વગેરે શબ્દો પ્રયોજી પરમાત્માના દયા અને કરુણાના ગુણ તરફ આપણું ધ્યાન ખેંચે છે. કરુણા એ પરમાત્માનો પ્રધાન ગુણ છે. એ કારણે તેઓ અવતાર ધારણ કરે છે. એમની કરુણાને ધર્મસ્થાપન સાથે સીધો સમ્બન્ધ છે. એટલે તો તુલસીદાસે દયાને ધર્મનું મૂળ કહ્યું છે.

અન્ય સાખીમાં તેમણે સંસારનાં પંચરત્નની વાત કરી છે. તેમાં ય તેમણે 'દયા' રત્નનો સમાવેશ કર્યો છે:

'તુલસી યે સંસાર મેં, પંચરત્ન હૈ સાર,
સાધુમિલન અરુ હરિભજન, દયા દીન ઉપકાર.'

સન્ત પુરુષોનો સમાગમ, પ્રભુભજન, પ્રાણીમાત્ર પર દયા, નિરભિમાનતા અને પરોપકાર એ સંસારરૂપી સાગરમાં મહત્ત્વનાં રત્નો છે. મનુષ્ય અન્ય મૂડી હાથ કરે પણ આ પાંચ રત્નોને હાંસલ કરવાનું ચૂકી જાય તો તેનો અવતાર એળે જવાનો સંભવ છે.

સન્ત તુલસીદાસે જ 'દયા'નો આટલો મહિમા કર્યો છે એવું નથી. જગતના તમામ ધર્મોમાં દયા અગત્યનું સ્થાન ધરાવે છે.

હિન્દુ, ખ્રિસ્તી, ઇસ્લામ, બૌદ્ધ વગેરે ધર્મોમાં દયાનું તત્ત્વ કેટલું પ્રાધાન્ય ભોગવે છે તેનો ઉલ્લેખ કરીએ તે પહેલાં દયાના મહિમાને વિશેષપણે ગાનાર કબીરની બે સાખી જોઈએ :

'દયા ભાવ હિરદે નાહીં જ્ઞાન કથૈ બેહદ
તે નર નરકે હિં જાહિંગે સુનિ સુનિ સાખી શબ્દ.'

જે મનુષ્ય જ્ઞાનની બેહદ વાતો કર્યા કરે છે, પણ જેના હૃદયમાં દયા ભાવ નથી તેવો મનુષ્ય આ સાખીઓ અને જ્ઞાનના શબ્દો સાંભળીને પણ નરકમાં જ જવાના. પ્રશ્ન એ થાય કે દયા કોના પર કરવાની.

'દયા કૌન પર કીજિયે કા પર નિર્દય હોય,
સાંઈ કે સબ જીવ હૈં કીરીકુંજર હોય.'

કોના પ્રત્યે દયા કરવી અને કોના પર નિર્દય થવું એ વિચાર કરવા જેવો નથી. કીડી હોય કે કુંજર, જીવમાત્ર ભગવાનના છે. એટલે સર્વ પર દયાભાવ રાખવો જોઈએ. સન્ત મલૂકદાસે દયાનો મહિમા જુદી રીતે ગાયો છે : મક્કા, મદીના, દ્વારકા, બદ્રી અરુ કેદાર બિના દયા સબ ઝૂઠ હૈ કહે મલૂક બિચાર.

શાસ્ત્રમાં દયાનાં લક્ષણો ગણાવતાં કહ્યું છે કે

આત્મવત્ સર્વભૂતેષુ કાયેન મનસા ગિરા।
અનુકંપા દયા સૈવ પ્રોક્તાવેદાન્તવાદિભિઃ॥

શરીર, મન અને વાણીથી સર્વ પ્રાણીઓ પ્રત્યે પોતાની જેમ અનુકંપા રાખવા તેને જ વેદાન્તવાદીઓએ દયા કહી છે.

દયાનું ક્ષેત્ર જેમને આપણે 'પોતાના' કહીએ તેમના પૂરતું મર્યાદિત રહે એ બરાબર નથી. જીવમાત્ર પ્રત્યે ભેદભાવ કર્યા વિના, એમના ગુણ–અવગુણ જોયા વિના, પોતાની અનુકૂળતા–પ્રતિકૂળતા જોયા વિના, જગતમાં સર્વ પ્રત્યે દયા–અનુકંપા રાખવી એ જ પરિપૂર્ણતાને–ધર્મને પામવાનો માર્ગ છે.

પરે વા બન્ધુવર્ગે વા મિત્રે દ્વેષ્ટરિ વા સદા।
આપન્નો રક્ષિતવ્યં તુ દયૈષા પરકીર્તિતા॥

પારકા કે બન્ધુવર્ગ પ્રત્યે, મિત્ર કે શત્રુ પ્રત્યે દયા રાખી આપત્તિમાં તેમનું રક્ષણ કરવું તે જ દયા કહેવાય છે.

સામાન્ય રીતે આપણે જેને પોતાના ગણતા હોઈએ તેના પ્રત્યે આપણો સદ્ભાવ, લાગણી, અનુકમ્પા વગેરે રહેતાં હોય છે. આપણા મનમાં પણ જેની સાથે આપણો સમ્બન્ધ હોય છે તેમનું જ ચિંતન ચાલતું હોય છે. પણ જેમની સાથે અપણો કોઈ સમ્બન્ધ નથી તેમનો આપણે ભાગ્યે જ વિચાર કરીએ. છીએ. આપણે વિસરી જઈએ છીએ કે સંકુચિતતા એ મૃત્યુ છે, વ્યાપકતા એ જીવન છે.

આપણો જીવનવ્યવહાર ગણતરીવાળો હોય છે. જે આપણામાં રસ લે, આપણું ભલું ઇચ્છે કે આપણને ઉપયોગી થાય તેમના પ્રત્યે જ આપણે ખેંચાઈએ છીએ. એમાં કાંઈ નવાઈ નથી ! એ તો સામાન્ય વ્યવહાર થયો. કબીરે કહ્યું છે : 'જો તોકું કાંટા બોવે, તાકો બો તૂં ફૂલ'–તને કાંટા ભોંકનારને પણ તું ફૂલ આપ. આંખને બદલે આંખ કે દાંતને બદલે દાંત નહીં, પણ દ્વેષબુદ્ધિ રાખનારા પ્રત્યે પણ પ્રેમ રાખવો તેમાં મનુષ્યનું માનવપણું છે.

આપણે આપણા નાનકડા કુંડાળામાંથી બહાર નીકળી આ સમગ્ર જગત પ્રત્યે કુટુંબનો ભાવ ક્યારે જન્માવી શકીએ? સર્વ પ્રાણીઓમાં એક જ પરમ ચૈતન્ય વિલસી રહ્યું છે એવો ભાવ દૃઢ થાય તો સાચી અનુકમ્પાનો જન્મ થાય છે. મનુષ્યનો શ્રેષ્ઠ ધર્મ પ્રાણીમાત્ર પર દયાભાવ રાખવાનો છે.

ધર્મો જીવદયાતુલ્યો ન કોઽપિ જગતીતલે ।
તસ્માત્સર્વપ્રયત્નેન કાર્યા જીવદયા ॥

આ જગતમાં જીવદયા જેવો અન્ય ધર્મ નથી, એટલે દરેક પ્રકારે જીવદયા રાખવી એ મનુષ્યનું કર્તવ્ય છે.

શ્રીમદ્ ભાગવતમાં રતિદેવ રાજાની કથા આવે છે તેનું અહીં સ્વાભાવિક રીતે જ સ્મરણ થાય છે. તે એટલો દયાવાન હતો કે આજે પણ તેનો યશ લોક–પરલોકમાં ગવાય છે. તે પોતે ભૂખે મરતો પણ યાચક માગે તો વિના ખચકાયે આપી દેતો. કહે છે કે એક વખત આહાર કર્યા વિના તેના ૪૮ દિવસ ચાલ્યા ગયા. ઓગણપચાસમે દિવસે ઘી, દૂધપાક, લાપસી અને જળ એ ચાર વસ્તુઓ તેને અનાયાસે મળી. તેનું કુટુંબ ભૂખ્યું હતું, તે પોતે ભૂખ તરસથી કંપતો હતો. સૌ જમવાની તૈયારી કરતા હતા, તેવામાં બ્રાહ્મણ અતિથિ આવી ચઢ્યો. સર્વત્ર ભગવાનનું દર્શન કરતા રતિદેવે તે બ્રાહ્મણનો સત્કાર કર્યો અને પોતાના ભાગનું ભોજન તેને આપ્યું. બ્રાહ્મણ ગયા બાદ કુટુંબીજનોને આપેલા અન્નમાંથી થોડું લઈ ખાવા બેઠો ત્યાં એક શુદ્ર આવ્યો. રતિદેવે પોતાનો ભાગ તેને આપી દીધો. તેના ગયા પછી કુટુંબીઓએ થોડું અન્ન ફરી તેને આપ્યું. હજી જમવાની તૈયારી કરે છે ત્યાં કૂતરાઓ લઈને એક મનુષ્ય આવ્યો અને પોતા માટે તેમ જ કૂતરાઓ માટે અન્ન માગવા લાગ્યો. ૪૮ દિવસના તેને ઉપવાસ છે તે ધ્યાનમાં રાખવા જેવું છે. તેણે પોતાની ભૂખનો વિચાર ન કરતાં બધું અન્ન પેલા મનુષ્યને આપી દીધું. હવે માત્ર તેની પાસે પાણી જ રહ્યું, પાણી પીવાની તૈયારી કરે છે ત્યાં એક ચંડાળ આવ્યો અને તેણે જળની માગણી કરી. તેણે જળ પણ આપી દીધું અને પછી જે પ્રાર્થના કરી તે માનવ ઇતિહાસમાં અજોડ કહી શકાય તેવી છે: "હું ઉત્તમ ગતિ કે મોક્ષ નથી ઇચ્છતો, પણ હર કોઈ પ્રાણીની અંદર રહીને તેની પીડા ભોગવવા ઇચ્છું છું, જેથી તે દુઃખી પ્રાણી દુઃખથી રહિત થાય."

પ્રાણીમાત્રની પીડા પોતા ઉપર વહોરી લેવી, જગતનું દુઃખ પોતાના ખભા ઉપર ઊંચકી લેવું એ એક વિરલ ઘટના છે. આવી વ્યક્તિઓને કારણે જ આ જગત જીવવા જેવું લાગે છે. હિન્દુ ધર્મમાં જ દયાનો ભાવ વિકસ્યો છે એવું નથી. કોઈ પણ ધર્મને ટકી રહેવું હોય તો દયાનું તત્ત્વ તેમાં વ્યાપકપણે પ્રતિષ્ઠિત થાય તે જરૂરી છે. 'બાઈબલ'નો જ એક પ્રસંગ લઈએ: એક ધનાઢ્ય વ્યક્તિ ઈસુની પાસે આવી પૂછે છે: અનન્ત જીવનનો વારસો પામવા હું શું કરું? ઈસુ પ્રત્યુત્તરમાં કહે છે: ધર્મની આજ્ઞાઓ તું જાણે છે: વ્યભિચાર ન કરીશ, હત્યા ન કરીશ, ચોરી ન કરીશ, જૂઠી સાક્ષી ન પૂરીશ, અને પોતાનાં માતા–પિતાને માન આપ અને માનવ પ્રત્યે પ્રેમ રાખ. આગન્તુકે કહ્યું: હજી એક બાબતમાં તું અધૂરો છે. તારું ધન દરિદ્રોને આપી દે અને પછી મારી પાછળ ચાલ. પછી ઈસુએ પોતાના શિષ્યો તરફ જોઈને કહ્યું ધનવાનોને ઈશ્વરના રાજ્યમાં દાખલ થવું કેટલું મુશ્કેલ પડશે, જાણો છો? પછી તેમણે જ ઉત્તર આપતાં કહ્યું: વત્સો, જેઓ દુન્યવી સંપત્તિ ઉપર વિશ્વાસ રાખે છે તેમને ઈશ્વરના રાજ્યમાં દાખલ થવું મુશ્કેલ છે. સોયના નાકામાંથી ઊંટને પસાર થવું સહેલું છે, પણ ઈશ્વરના રાજ્યમાં ધનવાનને દાખલ થવું અઘરું છે.

ઇસુના જ જીવનનો એક પ્રસંગ છે. વિશ્રામવારે તેઓ એક સભામાં ઉપદેશ આપતા હતા. ત્યાં એક સ્ત્રી આવી. યમદૂત વળગવાથી તે અઢાર વર્ષથી માંદી હતી. કમરેથી વાંકી વળી ગઈ હતી. ટટ્ટાર ઊભી રહી શકતી ન હતી. ઇસુએ તેને જોઈ એટલે પાસે બોલાવી કહ્યું : 'બાઈ, તારી પીડા મટી ગઈ છે' એમ કહીને તેમણે તેના ઉપર હાથ મૂક્યો કે તરત જ તે ટટ્ટાર થઈ ગઈ અને ઈશ્વરની સ્તુતિ કરવા લાગી. વિશ્રામવારને દિવસે તે બાઈને સાજી કરી તેથી સભાગૃહનો પ્રમુખ ઈસુ ઉપર રોષે ભરાયો અને કહેવા લાગ્યો : કામ કરવાના છ–છ દિવસ છે. વિશ્રામવારે કાંઈ ન કરવું જોઈએ. ઈસુએ તેને જવાબ આપ્યો : તમે કેવા પાખંડી છો ! તમારામાંથી મને કોઈ એક વ્યક્તિ એવી બતાવો જે વિશ્રામવારે પોતાના બળદ કે ગધેડાને છોડીને પાણી પાવા ન લઈ જતી હોય ? તો આ બાઈને–અબ્રાહમના કુળની દીકરીને અઢાર વર્ષ થયાં સેતાને બાંધી રાખી હતી, એને વિશ્રામવારે છૂટી કરી એમાં ખોટું શું કર્યું ?

ઇસુનાં આવાં વચનો સાંભળી વિરોધીઓ શરમિંદા બની ગયા. ઇસુનું જીવન અને કવન દયાથી––કરુણાથી સભર છે. જે લોકો દયાળુ છે, દયાથી સભર છે તેમના માટે ઇસુએ કહ્યું છે, 'આવો, મારા પિતાના આશીર્વાદ તમારા પર ઊતર્યા છે ! સૃષ્ટિના પ્રારંભથી તમારા માટે તૈયાર રાખેલું રાજ્ય ભોગવો ! કારણ, મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી પાયું હતું, હું અજાણ્યો પ્રવાસી હતો ત્યારે તમે મને આશ્રય આપ્યો હતો, હું ઉઘાડો હતો ત્યારે તમે મને વસ્ત્રો પહેરાવ્યાં હતાં, હું માંદો હતો ત્યારે તમે મારી ભાળ કાઢી હતી. હું કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા આવ્યા હતા.'

ત્યારે એ ધર્મિષ્ઠ માણસો એમને પૂછશે, પ્રભુ, અમે ક્યારે આવું બધું કર્યું હતું ? ત્યારે તેઓ તેમને જવાબ આપશે : હું સાચું કહું છું કે આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કાંઈ તમે કર્યું છે તે મારે માટે જ કર્યું છે.

જે દયાવાન છે તે શાશ્વત જીવનનો અધિકારી છે, જે અન્યનો તિરસ્કાર કરે છે તેને લાંબો સમય ભટકવું પડે છે. એટલે સર્વ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો જ જોઈએ.

ભગવાન બુદ્ધે કહ્યું જ છે : જેવી રીતે માતા પોતાનું આયુષ્ય ક્ષીણ કરીને પોતાના એકના એક પુત્રનું રક્ષણ કરે છે, તેવી રીતે સર્વ પ્રાણીઓ પ્રત્યે મનમાં અનન્ત દયાભાવ ઉત્પન્ન કરવો.

જગતના પ્રાણીમાત્ર પ્રત્યે દયા રાખનારી જે પ્રાતઃસ્મરણીય વિભૂતિઓ થઈ ગઈ છે તેમાં આસામીના સન્ત ફ્રાન્સિસને વિસરી શકાય તેમ નથી. એ ધનાઢ્ય પિતાના પુત્રે સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી ઇસુને ચરણે પોતાનું જીવન સમર્પિત કરી દીધેલું. તેમની એક માત્ર મૂડી ધર્મગ્રંથ બાઈબલ હતી. એક વખત તેઓ ફાટેલાં વસ્ત્રો પહેરી રસ્તાની ફૂટપાથ ઉપર ભીખ માગવા બેઠા હતા. તે વેળા એક અત્યંત ગરીબ સ્ત્રી ત્યાંથી પસાર થઈ. એ ઘોર નિરાશામાં ડૂબેલી હતી. ઘેર છોકરાં ટળવળતાં હતાં, પણ એમને ખવડાવવા માટે હજી સુધી તેને કાંઈ મળ્યું નહોતું. વખાની મારી તે સ્વયં ભીખ માગતા ફ્રાન્સિસ પાસે પહોંચી ગઈ. એને ખ્યાલ પણ ન રહ્યો કે તે જેની પાસે હાથ લાંબો કરી રહી છે તે જગતનો સૌથી ગરીબમાં ગરીબ માણસ છે !

કરવતથી લાકડું કપાય તેમ ફ્રાન્સિસનો જીવ કપાતો હતો. સ્વેચ્છાએ ગરીબી સ્વીકાર્યા પછી પહેલી વખત એને નાણાંનો અભાવ વર્તાયો. તેની આંતરડી દાઝી ગઈ. એકાએક તેના ચિત્તમાં ચમકારો

થયો. દુનિયાનો મોટામાં મોટો ખજાનો પોતાની પાસે હોવાનું તેને સ્મરણ થયું. બાઈબલ પર તેનો હાથ ગયો. તે તેનું જીવનસર્વસ્વ હતું. તેણે બાઈબલને છાતીસરસું ચાંપ્યું. પેલી બાઈને જોઈ તેની બાઈબલ પરની પકડ ઢીલી થઈ ગઈ. આંખો ભીની થઈ ગઈ. દયાથી તેનું હૃદય છલકાઈ ગયું. તેણે પેલી નિર્ધન સ્ત્રીને કહ્યું : 'લે, આ બાઈબલ લઈ જા અને તેને વેચી નાખ, જેથી તારાં બાળકોને તું બ્રેડ ખવડાવીશ.'

બાઈબલ આપ્યા પછી સન્ત ફ્રાન્સિસના મુખમાંથી જે શબ્દો સરી પડ્યા તે સનાતન કાળ માટે માનવજાત ગૌરવ લઈ શકે તેવા છે : 'હે ઈશ્વર, મેં તમારા શબ્દો આપી દીધા છે. તમે ક્ષમા આપજો. કારણ કે તમારા શબ્દને સાર્થક કરવા મેં આ કામ કર્યું છે.'

કુરાન કહે છે : તમારામાં સૌથી મોટા તે છે જે સૌથી વધારે દયાળુ અને સંયમી છે. મહમદ સાહેબે કહ્યું છે; પોતાનો પાડોશી ભૂખ્યો પડ્યો હોય ત્યારે પણ જે માણસ પોતે પેટ ભરીને ખાઈ લે છે તે મોમિન નથી.

પેગમ્બરના સાથીદાર અબ્દુલ્લાએ કહેલો એક પ્રસંગ નોંધાયેલો છે. એક વાર તેઓ પેગમ્બર સાથે મુસાફરી કરતા હતા. સાથીઓએ એક પક્ષી જોયું. તેની સાથે બે બચ્ચાં હતાં. એમણે બચ્ચાંને પકડી લીધાં. તેમની મા ટળવળવા લાગી. પેગંબરે જાણ્યું એટલે તેમને કહ્યું : આનાં બચ્ચાં છીનવી લઈને આને કોણે કનડી? એનાં બચ્ચાં એને પાછાં સોંપી દો.

અબ્દુલ્લા કહે છે : એક જગાએ અમે ઉધઈનો રાફડો સળગાવી મૂક્યો. એ જોઈ પેગમ્બરે પૂછ્યું : આ કોણે સળગાવ્યો? અમે કહ્યું : અમે. પેગમ્બરે કહ્યું : અલ્લા જે અગ્નિનો માલિક છે તેના સિવાય કોઈને અધિકાર નથી કે અન્યને અગ્નિ વડે શિક્ષા કરે.

કોઈ કે પેગમ્બરને કહ્યું : મુશરિકો (અલ્લા ઉપરાંત અન્ય દેવોને પૂજનારા)ની વિરુદ્ધ અલ્લાને પ્રાર્થના કરો અને તેમને શાપ આપો. પેગંબરે જવાબ આપ્યો : મને ફક્ત દયા કરવા મોકલવામાં આવ્યો છે, શાપ દેવા નહીં.

એકવાર મહમદ સાહેબ પ્રવાસમાંથી પાછા આવી મદીનામાં એમની દીકરી ફાતમાના ઘેર ગયા. પુત્રીના ઘરમાં તેમણે બે ચીજો જોઈ; એક રેશમી કાપડનો ટુકડો પડદાની માફક દરવાજા પર લટકતો હતો અને બીજું દીકરીના હાથમાં ચાંદીના કડાં હતાં. આ બન્ને વસ્તુઓ જોઈ તેઓ ત્યાંથી પાછે પગે ચાલતા મસીદમાં પહોંચી ગયા. અને ત્યાં રડવા લાગ્યા. ચિત્રકાર બુખારી નોંધે છે કે ફાતમાએ પોતાના દીકરા હસનને નાના પાસે પૂછવા મોકલ્યો કે આટલી ઝડપથી તેઓ ઘર છોડી કેમ ચાલ્યા ગયા? પેગંબર સાહેબે તેને કહ્યું : મસીદમાં લોકો ભૂખ્યા બેઠા હોય અને મારી દીકરી ચાંદીનાં કડાં પહેરે તથા રેશમ વાપરે એ જોઈ મને શરમ આવી! હસને માને વાત કરી. ફાતમાએ કડાં ભાંગીને પેલા રેશમી વસ્ત્રમાં પિતાને મોકલી દીધાં. મહમદ સાહેબ રાજી થયા. કડાં અને કપડું વેચી તેમણે રોટી મંગાવી ગરીબોને વહેંચી દીધી.

જગતના સઘળા મહાન ધર્મોના સ્થાપકોમાં કે ધર્મનું નિષ્ઠાથી અનુસરણ કરનારાઓમાં કરુણાનો-દયાનો સ્રોત અખંડપણે વહ્યો છે. જે નામી-અનામી વ્યક્તિઓએ ભેદભાવ રાખ્યા વિના પ્રાણીમાત્ર પર અનન્ત અનુકમ્પાનું ઝરણું વહેતું રાખ્યું છે. તેમના આશીર્વાદ આ સંઘર્ષથી ખળભળી ઊઠેલા જગત ઉપર ઊતરે એવી પ્રાર્થના સહેજે થઈ જાય છે.

□

# સમષ્ટિનો સેવાયજ્ઞ

'નીલોષા'ની પવિત્ર ભૂમિ ઉપર ઈ.સ. ૧૯૭૯ના સપ્ટેમ્બરની ચોથી તારીખથી પૂજ્ય ગુરુદેવનો સેવાયજ્ઞ – વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ અવિરત ચાલી રહ્યો છે. ગઈ તા. ૪ થી એ તેનો પાંચમા વર્ષમાં પ્રવેશ હોઈ 'નીલોષા' બંગલામાં પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં ગુરુ ભાઈ–બહેનોનો એક મિલન સમારંભ યોજાઈ ગયો.

પ્રારંભમાં 'નીલોષા'નાં દમ્પતી મુ. શ્રી નલિનકાન્તભાઈ આર. શાહ (એડવોકેટ) અને તેમનાં પત્ની શ્રીમતી ઉષાબહેને પૂ. ગુરુદેવનું તેમ જ મા ગાયત્રીનું પુષ્પ, કુમકુમ ને આરતીથી સ્વાગત કર્યું હતું.

ત્યાર બાદ કુ. પૂર્ણિમા ભગતજીએ પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે,

'વ્યક્તિ સમષ્ટિ બને છે અને સમષ્ટિ બની જનહિતાર્થે યત્કિંચિત કાર્યો કરે છે, ત્યારે સમષ્ટિનું એ કાર્ય વ્યક્તિને માટે કેટલું મોટું શ્રેયસ્કર બની રહે છે, જેના અનેકાનેક અનુભવો આપણે દિનપ્રતિદિન જોતા–સાંભળતા ને અનુભવતા આવ્યાં છીએ. એટલે મને લાગે છે કે વ્યક્તિએ સમષ્ટિના સાન્નિધ્યમાં––છત્રછાયામાં આવવાનો બને એટલો સબળ ને સબળ પ્રયત્ન કરવો જોઈએ.

વ્યક્તિએ સમષ્ટિ બનવા ને સમષ્ટિના સાન્નિધ્યમાં આવવા કયો, કેટલો ને કેવો પ્રયત્ન કરવો જોઈએ, તે આપણા સમષ્ટિ જેવા સદ્‌ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીએ બતાવી જ દીધું છે, શ્રદ્ધા અને શરણાગતિ. પૂ. ગુરુદેવના કાર્યની ક્ષિતિજો વિસ્તરતી જ જાય છે. એ કાર્ય કોઈ એક શહેર કે દેશ પૂરતું સીમિત ન રહેતાં સમસ્ત વિશ્વમાં ફેલાઈ ને વૈશ્વિક કાર્ય બની ગયું છે. એ વૈશ્વિક કાર્ય વ્યક્તિએ વ્યક્તિએ વિભિન્ન સ્વરૂપે, સમયે ને સ્થળે કાર્યશીલ બની રહે છે. પૂ. ગુરુદેવ પર સમગ્ર વિશ્વનો અધિકાર છે ને એટલે જ પ્રત્યેક વ્યક્તિને–ઉપાસકને લાગે છે કે ગુરુદેવ અમારા છે, અમારી સાથે છે.

અગાઉ કોઈ કોઈ વાર ગુરુદેવ કહેતા હતા કે, હું તો ઘણાં વર્ષો પહેલાંથી કહું છું કે આખું વિશ્વ મારું છે, એટલે વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના પોતાના હૈયે તેમણે તેમના જીવનના આરંભકાળથી જ ધારણ કરી હતી, એટલે જ માતાજીએ તેમને આ ને આવી સેવા કરવાનો આદેશ ને સંકેત આપ્યો તેના મૂળમાં તેમની હૃદયગત ભાવના જ કારણભૂત છે.

આવી મહાન વિરલ વિભૂતિના માર્ગદર્શન, પ્રેમ, કૃપા અને આશીર્વાદના અધિકારી બની રહીએ એવી અભ્યર્થના કરું છું.

ગુરુદેવના લંડનનિવાસ દરમ્યાન સ્થૂળ, સૂક્ષ્મ, સ્વપ્નમાં કે પ્રત્યક્ષ–પરોક્ષ યત્કિંચિત્ જે અનુભવો મને થયા તે પ્રેમ જગાડે છે ને લગની લગાડે છે. આવી ભૌતિક અનુપસ્થિતિ વ્યક્તિના–ઉપાસકના નિજી–હૃદયગત પ્રેમ ને લગનીને વધુ બળવત્તર બનાવવા ને એકમેકની વધુ નજીક લાવવા સમર્થ છે.'

શ્રી સતીશભાઈએ કાવ્યવાચન કર્યું હતું અને ભાઈ શ્રી અધ્વર્યુએ ભજન ગાયું હતું.

શ્રી આચાર્યે પોતાના ટૂંકા પ્રવચનમાં તેમને થયેલા અનુભવો વર્ણવી કહ્યું હતું કે, મા જેમ પા પા પગલી માંડતા બાળકને દોરવે તેમ ગુરુદેવ આપણને સૌને ભૌતિક તેમ જ આધ્યાત્મિક રીતે દોરવી રહ્યા છે, ને દોરવતા રહે એવી પ્રાર્થના કરું છું.

પૂ. બહેને લંડનના પૂ. ગુરુદેવના કાર્યક્રમની તેમ જ અનુભવોની રસપ્રદ ને પ્રેરક વાતો કરી હતી.

પૂ. ગુરુદેવે જણાવ્યું હતું કે, 'હું જે કાર્ય કરી રહ્યો છું તે કેવળ માતાજીના આદેશથી અને શક્તિથી જ કરી રહ્યો છું, બાકી પંચમહાભૂતનું આ ખોળિયું આ ને આવું કાર્ય કરવા અશક્ત જ છે.

મેં ગયા વર્ષે તમને જે નવ સૂત્રો આપેલાં, તે ગયા વર્ષના 'આધ્યાત્મિક કેડી'ના ઑક્ટોબરના અંકમાં પ્રસિદ્ધ થયા છે, જેનો તમે જીવનમાં અમલ કર્યો હશે, ન કર્યો હોય તો કરી દેજો. આ કાર્ય ઘણું દુષ્કર છે. કારણ કે મનુષ્ય સામાજિક પ્રાણી છે, છતાં પ્રયત્ન કરજો. એ નવ સૂત્રોમાંથી અડધાં સૂત્રો પણ જીવનમાં ઊતારશો તો તમને એક પ્રકારની માનસિક શાંતિનો—આનન્દનો અનુભવ થશે. અને આધ્યાત્મિક કેડીએ—માતાજીની ઉપાસનામાં પણ આગળ વધી શકશો.

મારા તમને સૌને આશીર્વાદ છે.'

અન્તે ગાયત્રી મંત્રના જાપ અને 'ૐ ગાયત્રી શરણં મમ'ની ધૂન સાથે મા ગાયત્રીની સૂક્ષ્મ ઉપસ્થિતિના સુવાસમય, પવિત્ર ને સાત્ત્વિક વાતાવરણના આહ્લાદક, અલૌકિક અનુભવ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

□

## ૧૯૮૪ના વર્ષનું લવાજમ

'આધ્યાત્મિક કેડી' ત્રૈમાસિક અંકનું વાર્ષિક લવાજમ ૧૯૮૩ ડિસેમ્બરમાં પૂરું થાય છે. ૧૯૮૪ના વર્ષ માટે આપનું લવાજમ **રીન્યુ કરાવી લેશો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભારત | ૧૦ રૂપિયા | વાર્ષિક લવાજમ | | | |
| અમેરિકા | ૫ ડૉલર્સ | ,, | ,, | ઍર મેઇલ | |
| ઇંગ્લેન્ડ | ૪ પૌંડ | ,, | ,, | ,, | ,, |
| બહેરીન | ૨ દીનાર | ,, | ,, | ,, | ,, |

# દિવ્ય વધામણાં

તા. ૭ મી સપ્ટેમ્બરે પૂજ્ય ગુરુદેવે 'વન'ની વાટ પકડયે એક વર્ષ પૂરું થયું અને તેમણે દ્વિતીય વર્ષમાં પ્રવેશ કર્યો.

પ્રતિવર્ષની જેમ માના પ્રત્યક્ષ આગમનનાં એંધાણ આ વર્ષે ચોથી તારીખથી જ આહ્‌લાદક–દિવ્ય સુવાસમય વાતાવરણ અને સુગંધિત વાયુની લહરીથી વરતાતાં હતાં.

પૂજ્ય ગુરુદેવના ઓરડામાં સજાવટ આ પ્રમાણે હતી. પલંગ પર મખમલની સુંદર ચાદર પાથરી હતી. માનાં ચરણ ટેકવવા માટે સુંદર મખમલનું આસન રાખ્યું હતું. માના સ્વાગત માટે સૂકો મેવો, કેસરનું દૂધ, કેસરનું જળ, મુખવાસ, કંકુ, ચોખા, રૂનાં સૂકાં પૂમડાં વગેરે મૂકયાં હતાં. આશીર્વાદ માટે પેન અને લેટરપેડ પણ હતાં.

પૂજ્ય ગુરુદેવે માતાજીના આગમનનો અનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે,

છઠ્ઠીની રાત્રે લગભગ ૧૨–૨૫ મી. મારા માથે મુલાયમ શો હાથ પસવારી માએ મને જગાડયો. આનન્દના અતિરેક સાથે સફાળો જાગી ગયો અને જોયું તો લાઇટ–પંખો વગેરે ચાલુ હતાં. આહ્‌લાદક સુવાસ હતી. પરન્તુ માની પ્રત્યક્ષ હાજરી ન હતી. ઊભો થઈ પાણી પીધું અને નીચે બેઠો ત્યાં જ પલંગમાં પ્રકાશનો એક રોમાંચિત દિવ્ય ઝબકારો થયો અને મા ગાયત્રીને મેં સદેહે પલંગમાં મધ્યમાં બિરાજમાન દીઠાં.

સુધબુધ ગુમાવી ઊઠીને તેમના પગ પકડી ઘૂંટણ પર મસ્તક ટેકવી નાના બાળકની જેમ હર્ષાશ્રુ વહાવતો બેસી ગયો.

માએ મારા માથે અને બરડે વાત્સલ્યસભર મૃદુ હસ્ત પસવારતાં પસવારતાં કંઈ કેટલીયે અગમ્ય વાતો કરી, અને કાર્યયજ્ઞ માટે માર્ગદર્શન આપ્યું. 'મારા તને આશીર્વાદ છે' કહી મા કયારે અન્તર્ધાન થયાં તે મને સમજાયું નહિ. થોડીક વારે કળ વળતાં માની મીઠી વાતોને વગોળતો પળભર બેસી રહ્યો અને પછી શાતા વળતાં ઘરનાં સર્વેને મીઠા અવસરના આનન્દના સહભાગી થવા જગાડયાં.

આશરે પન્દરેક મિનિટ સુધી માનું સાન્નિધ્ય અને મૃદુ વાણીમાં માર્ગદર્શન અને વાત્સલ્યનો લ્હાવો માણ્યો અને ક. ૧૨ અને ૫૫ મિ. ઘરનાં સર્વેને જગાડયાં.

ઘરનાં સભ્યોને થયેલ પ્રત્યક્ષતાનો અનુભવ આ પ્રમાણે હતો. વાતાવરણ અતિ દિવ્ય અને સુવાસમય હતું. માએ ચરણ ટેકવ્યાં હતાં તે આસન પર માના ચરણની અંગુલિઓનાં નિશાન દેખાતાં હતાં. ઓશિકા અને આસન પર સુંદર સુવાસ આવતી હતી. ઓશીકું તકિયા પર ગોઠવ્યું હતું તે આરામથી બેસવા માટે માએ તકિયાને અઢેલીને નીચે મૂકયું હતું. અને બન્ને બાજુ હાથ ટેકવ્યા હોય તેવાં ચિહ્નો દેખાતાં હતાં. હાથવીંઝણો માએ નિહાળ્યો હોય તેમ તેની જગાએથી બીજે મૂકયો હતો.


થર્મોસમાંથી દૂધ ગ્લાસમાં કાઢયું હતું અને ગ્લાસમાં થોડું દૂધ પ્રસાદીરૂપે માએ રાખેલ હતું. સૂકો મેવો અને મુખવાસ પણ માએ આરોગ્યાં હોય તેમ વરતાતાં હતાં. કાજુની વાડકીમાં બીજો બધો સૂકો મેવો – બદામ, પીસ્તા, આલુ, અંજીર વગેરે ભેગું કર્યું હતું.

ડીશમાં રાખેલ ખાંડમિશ્રિત બદામનો ભૂકો માએ આરોગ્યો હોય તેમ લાગતું હતું. પાંચ આંગળીઓથી ચૂટકી લીધાનાં નિશાન સ્પષ્ટ દેખાતાં હતાં.

□

ઓક્ટોબર. ૧૯-૮૩.

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



પરદેશની મુલાકાતના કેટલાક રસપ્રદ પ્રસંગો અને અનુભવો પૂજ્ય ગુરુદેવ પાસેથી જાણવા મળ્યા. ઇંગ્લેન્ડમાં લંડન, લેસ્ટર, બર્મીંગહામ, કોવેન્ટ્રી અને ઓલ્ધામ માન્ચેસ્ટરમાં કાર્યયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું. ત્રીજી વખતની મુલાકાત હોવાથી પૂજ્યશ્રીની નિઃસ્વાર્થ કાર્યપ્રણાલીથી ત્યાંના ભાઈબહેનો પરિચિત હતાં.

(અ) ઘરે પારણું બંધાય તેવી અપેક્ષાથી પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ, જીવનજળ અને માર્ગદર્શન મેળવી ગયા વર્ષે ચાર પાંચ દંપતી કે જેમના લગ્નકાળને લાંબો સમય થઈ ગયો હતો તેઓને આ વર્ષે 'સારા દિવસો' હતા.

(બ) બર્મીંગહામમાં એક ભાઈને ડાયાબીટીસનું દરદ હતું. છેલ્લાં બે વર્ષથી પૂજ્યશ્રીના માર્ગદર્શન, જીવનજળ અને ગાયત્રી મંત્રજપના નિયમિત સેવનથી દરદમાં ઘણી જ રાહત છે.

(ક) માન્ચેસ્ટરમાં ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞના દિવસે લોકોની શ્રદ્ધાને ડગમગાવી મૂકે તેવું ત્યાંનું હવામાન થઈ ગયું હતું.

પૂજ્યશ્રીના આદેશથી યજ્ઞનું આયોજન ખુલ્લા કમ્પાઉન્ડમાં કરવામાં આવ્યું હતું. ત્યાંના અંગ્રેજ પ્રેસ રીપોર્ટર્સે ત્યાંના લોકલ કાર્યકર્તાઓને કહ્યું કે ભાઈ અહિંયાના હવામાનનું કોઈ જ ઠેકાણું નહિ. "You can't depend on the weather of this country". ગમે ત્યારે વરસાદ પડે, સખત ઠંડો પવન શરૂ થાય વિગેરે વિગેરે.

ગુરુદેવના વચનમાં અનન્ય શ્રદ્ધા ધરાવતા માન્ચેસ્ટરના એ કાર્યકર્તા ભાઈએ કહ્યું, "મારા ગુરુદેવે કહ્યું છે એટલે યજ્ઞ બહાર કમ્પાઉન્ડમાં જ કરીશું". પ્રેસરીપોર્ટર કહે, "તારા ગુરુદેવમાં તને એટલી બધી શ્રદ્ધા છે?"

૨૭ ઑગસ્ટની સવારથી બારેમેહ વરસવાના હોય તેમ આકાશ વાદળઘેરું થઈ ગયું અને એકદમ ઠંડો પવન ફૂંકાવા લાગ્યો. બધાની શ્રદ્ધા ડગવા લાગી અને યજ્ઞ રૂમમાં કરવાનું સૂચન કરવા લાગ્યા. કાર્યકર્તા ભાઈઓએ ગુરુદેવની પાસે આવી રજૂઆત કરી.

ગુરુદેવે સસ્મિત વદને કહ્યું, "ચિંતા ન કરશો, વરસાદ નહિ પડે. આ તો કિરીટભાઈ (લોકલ કાર્યકર્તા)એ મને ગઈ કાલે વિનંતી કરી કહ્યું હતું કે ગુરુદેવ, ચંદરવો બંધાવવાનું આયોજન કરી શકાયું નથી તો વાદળાં જેવું વાતાવરણ રહે તો સારું. યજ્ઞ કમ્પાઉન્ડમાં જ કરો. હમણાં સૂર્યનારાયણ આવશે.'

યજ્ઞનો પૂજન વિધિ શરૂ થયો. ગુરુદેવ બહાર જઈને બેઠા અને વાતાવરણ એકદમ પલટાઈ ગયું. વાદળાં ખસી ગયાં, ઠંડો પવન ફૂંકાતો ઓછો થયો અને ખુશનુમા વાતાવરણ થઈ ગયું. ઉપસ્થિત બધાં જ ભાઈબહેનોએ આનંદથી ગાયત્રી મંત્રજાપ સાથે યજ્ઞમાં આહુતિ આપી, આખો દિવસ વાતાવરણ ખુશનુમા રહ્યું હતું. ત્યાંના થોડા અંગ્રેજ ભાઈઓ પણ હાજર હતા. સર્વે પૂજ્યશ્રીને વંદી રહ્યા.

(ડ) ભારત (અમદાવાદ) પાછાં આવ્યા ત્યારે શ્રી આચાર્યભાઈએ ગોકુળ અષ્ટમીના દિવસનો તેમનો અનુભવ વર્ણવતાં જણાવ્યું કે:—

ગોકુળ અષ્ટમીના દિવસે રાતે ૧૦–૩૦થી ૧૧–૦૦ સુધીમાં (ભારતમાં–અમદાવાદમાં) પૂજ્ય ગુરુદેવની કુટીરમાં બધાં ભાઈબહેનોએ ભેગાં થઈ સત્સંગ કરવો તેમ નક્કી કર્યું હતું. તે પ્રમાણે અમે ૧૦–૧૫ ભાઈબહેનો હાજર હતાં. અને તે સમયે પૂજ્યશ્રીએ લંડનથી બધાં ભાઈબહેનોને આશીર્વાદ આપવા માટે ફોન કર્યો હતો. પૂજ્યશ્રીએ મને ફોનમાં જણાવ્યું કે બધા ભાઈબહેનો રોકાજો. અર્ધા કલાકમાં મારી હાજરીનો અનુભવ તમને ત્યાં (અમદાવાદ કુટીરમાં) થશે.

અમે અહિંયા ગાયત્રી શરણમ્ મમ અને શ્રી કૃષ્ણ શરણમ્ મમની ધૂન મચાવી. ૧૫–૨૦ મિનિટમાં વાતાવરણ આહ્લાદક સુવાસથી ભરાઈ ગયું. સુંદર ગુલાબ અને મોગરાના સુવાસની લહરીઓ આવવા લાગી. ગુરુદેવનો હીંચકો તેની જાતે જ હાલવા લાગ્યો. અને કોઈ બેઠું હોય અને હાલતો હોય તેમ લાગવા માંડ્યું. હીંચકો હાલતો તો બધાંએ જોયો. અમે સહુ ભાવવિભોર થઈ ગયા!

મેં અને બીજાં ૪–૫ ભાઈબહેનોએ પૂજ્ય ગુરુદેવને હીંચકા ઉપર પ્રસન્નવદને આશીર્વાદ આપતા બિરાજેલા નિહાળ્યા. ૧૦–૧૫ મિનિટ સુધી હું મારાથી આ પાર્થિવ શરીરથી છૂટો પડી હવામાં તરતો હોઉં તેમ લાગ્યું. હું જમીનથી અદ્ધર થઈ ગયો હોઉં તેમ હળવો ફૂલ થઈ ગયો હતો. અડધા કલાકનો એ અનુભવ અમારા બધાં માટે ખરેખર એક દિવ્ય સંભારણું બની ગયો. ગુરુદેવે અમને ધન્ય બનાવી દીધાં!

ગુરુદેવની ગેરહાજરીમાં દર ગુરુવારે અને રવિવારે અમે થોડાં ભાઈબહેનો અહિંયા કુટીરમાં ભેગાં થઈ સત્સંગ કરીએ છીએ ત્યારે મધુર સુવાસ અને પૂજ્ય ગુરુદેવ અને માતાજીની પરોક્ષ હાજરીનો અનુભવ અવશ્ય થાય જ છે. □

# જ્ઞાનગોષ્ઠિ

પરદેશમાં વસતાં ભાઈબહેનો માટેના કાર્યયજ્ઞ વખતે જિજ્ઞાસુઓની પૂ. ગુરુદેવ સાથે થયેલ રસભર જ્ઞાનગોષ્ઠિ.

**પ્રશ્ન :** Why a man should become Spiritual?

માણસે આધ્યાત્મિક શા માટે બનવું જોઈએ?

**ઉત્તર :** શરીરના પોષણ માટે જેમ સાત્વિક–પૌષ્ટિક ખોરાક જરૂર છે તેમ સાત્ત્વિક સરળ મન માટે આધ્યાત્મિકતાની જરૂર છે. કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રિય સ્વાસ્થ્ય માટે દરેક વ્યક્તિએ આધ્યાત્મિક બનવું જરૂરી છે. આધ્યાત્મિક એટલે કોઈ એક સંપ્રદાયને વળગી રહેવું એવું નથી. નૈતિક જીવન જીવવું, તન, મન, ધનથી પ્રાણીમાત્રની નિઃસ્વાર્થ સેવા કરવી, અહમ્, ઇર્ષ્યા, દ્વેષ વિગેરેનો ત્યાગ કરવો, સુખદુઃખમાં સમતુલા જાળવવી વિગેરે આધ્યાત્મિકતાનાં લક્ષણો છે.

**પ્રશ્ન :** How to develop total confidence in Mother Gayatri (God) without seeing her or experiencing her?

મા ગાયત્રી–ભગવાનને જોયા કે અનુભવ્યા વગર તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ કેવી રીતે કરી શકાય?

**ઉત્તર :** માતાજીને–ભગવાનને જોઈ પણ શકાય અને અનુભવી પણ શકાય, જરૂર છે ફક્ત તેને અનુરૂપ "મીડીયમની". મીરાં, નરસિંહ મહેતા, જેવા અનેક ભક્તોએ ભગવાનને જોયા પણ ખરા અને તેમની હાજરીને અનુભવી પણ ખરી. આવા સંત–ભક્તોમાં પરમાત્મા માટે અનન્ય પ્રેમ, અનન્ય શ્રદ્ધા અને શરણાગતિ હતી. પ્રેમ, શ્રદ્ધા અને શરણાગતિનું "મીડીયા" સ્તર આપણે તૈયાર કરીએ તો આપણે ભગવાનને જોઈ શકીશું, અનુભવી શકીશું. આધ્યાત્મિક ખોરાકથી મનને તૈયાર કરવાની જરૂર છે. ઈષ્ટનું સ્મરણ, ગાયત્રીમંત્રજાપ વિગેરે આધ્યાત્મિક ખોરાક છે.

**પ્રશ્ન :** How to distinguish the Spiritual experience from that of self imagination or dreaming?

આધ્યાત્મિક અનુભવોને સ્વકલ્પના કે સ્વપ્નથી અલગ કેવી રીતે પાડી શકાય?

**ઉત્તર :** કલ્પના કે સ્વપ્નમાં થયેલ અનુભવો ક્ષણિક હોય છે. તેના દ્વારા વ્યક્તિની માનસિક કે આધ્યાત્મિક પ્રગતિ થતી નથી. અને માણસ વમળમાં ગૂંચવાયા કરે છે. માનસિક શાંતિનો અનુભવ થતો નથી...આધ્યાત્મિક અનુભવો કાયમી હોય છે. તેનાથી વ્યક્તિની માનસિક અને આધ્યાત્મિક પ્રગતિ થાય છે. દિવ્ય આનન્દનો અનુભવ થાય છે. કોઈ અગમ્ય શક્તિથી આપણું હરપળે રક્ષણ થતું રહે છે. પરમતત્ત્વ સાથે તાદાત્મ્ય સાધી શકાય છે. □


'ગુરુકૃપા હિ કેવલમ્'

મીના ટ્રેડર્સ

"ભગવતી"

✿

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

# આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં

પાંચમા પ્રકરણથી પ્રારમ્ભાયેલાં દિવ્ય અને અલૌકિક સૃષ્ટિનાં દર્શન છઠ્ઠા પ્રકરણમાં વધુ આહ્‌લાદક, દિવ્ય ને અલૌકિક બન્યાં હતાં – અલૌકિક અનુભવો વધુ સઘન બનતા જતા હતા. પ્રથમથી પાંચમા પ્રકરણ સુધીની ગતિવિધિ તપાસતાં પુરશ્ચરણ કરનાર ભાઈશ્રી ચમ્પકભાઈનું ગાયત્રી-મંત્ર-ગાયત્રી માતા સાથે અનુસન્ધાન સધાતું સ્પષ્ટ જોઈ શકાય છે. ઉપાસક ઉપાસ્યમાં તદાત્મ બનતો જાય છે.

દિવ્ય સૃષ્ટિમાં કલાત્મક ભવ્ય-વિરાટ સુવર્ણમન્દિરો દેખાતાં હતાં. સરોવરો, નદીઓ, તળાવોનાં વારિ સ્પષ્ટ જોઈ શકાતાં હતાં. ક્યારેક રૌદ્ર સ્વરૂપ સમા કોઈક કઢંગી સ્ત્રીનાં દર્શન પણ થઈ જતાં, તો ક્યારેક શસ્ત્રસજ્જ સૈનિકો પણ દેખાતા.

એ સાથે જ બીજી તરફ ગુરુ-શિષ્યના હૃદયનું સામીપ્ય પ્રસ્થાપિત થાય છે. ગુરુદેવનાં દિવ્ય ને સૌમ્ય દર્શન થાય છે.

તો ત્રીજી તરફ સિંહ, વાઘ, સાપ જેવાં હિંસક ને મૂક પ્રાણીઓ પર ગાયત્રી માતાનો-ગાયત્રી-મંત્રનો તેમ જ પૂ. ગુરુદેવની આત્મિક શક્તિનો પ્રભાવ પથરાતો દેખાય છે. અનુભવાય છે. જે શક્તિને કારણે તે તે પ્રાણીઓએ જાણે પોતાની હિંસકતા ગુમાવી દીધી હોય કે પછી ભૂલી ગયાં હોય તેમ લાગતું હતું.

હવે આગળના અનુભવો સાતમા પ્રકરણમાં વાંચો.

*    *    *

## ૭ : ગુરુ મહાત્મ્ય

### ગુરુની શીળી છત્રછાયા હેઠળ માનવી આત્મવિકાસની કેડીએ પ્રયાણ કરે છે.

ગાયત્રી-મહામંત્રના ચોવીસ અક્ષરોમાં ચોવીસ દેવતાઓનો નિવાસ છે. એટલે માત્ર ગાયત્રી-મંત્રની આરાધના-જપ દ્વારા પણ એ બધા જ દેવતાઓની એક સાથે ઉપાસના થઈ જાય છે. એટલું જ નહિ, પોતાના કોઈપણ ઇષ્ટદેવની અર્ચના કરતાં કરતાં પણ ગાયત્રી-મંત્ર-જપ કરવામાં કોઈ બાધ નથી. ગાયત્રી-મંત્રની આરાધના કરતાં એના ચોવીસ અક્ષરોમાં સ્થિત એવા ચોવીસે ચોવીસ દેવતાઓ કે ગમે તે એક દેવતા પ્રસન્ન થઈને દર્શન આપી ભક્તને કૃતાર્થ કરે એ સ્વાભાવિક ને સહજ છે. અમે અમારા ઇષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીની પૂજા કરતા ને સ્વામી નારાયણ સંપ્રદાયના અનુયાયી હોવાથી અને ચોવીસ અક્ષરોમાં સ્થિત ચોવીસ દેવતામાંના એક દેવ શ્રી હનુમાનજીનાં દર્શન થયાં. તા. ૨૭-૧૨-૭૬ ને દિવસે, નવરાત્ર દરમ્યાન, માની સામે બેસી મંત્રજપ કર્યે જતા હતા તે દરમ્યાન હનુમાનજી ને સહજાનંદ સ્વામીનું આબેહુબ સ્વરૂપ અમારી સમક્ષ ઉપસ્થિત થયું. ચિત્તે ધન્યતા અનુભવી.

મા ગાયત્રીને શરણે જનાર ને એકધ્યાને ગાયત્રી-મંત્રજપ કરનાર માનવીને પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે, સ્વપ્નમાં કે અન્યથા કોઈપણ બાબત અંગે, કોઈ પણ ઘટના અંગે કે પોતાની કોઈ મુશ્કેલી વિશે સંકેત-ઇંગિત પ્રાપ્ત થતા જ રહે છે. એનું અર્થઘટન ક્યારેક સુપેરે વ્યક્ત થતું હોય છે, તો ક્યારેક ખૂબ ધૂંધળું પણ હોય છે. પણ એ પ્રાપ્ત થતા સંકેત-ઇંગિતની પાછળ કોઈ ને કોઈ તથ્ય તો ચોક્કસ રહેલું જ હોય છે.

જે દિવસે હનુમાનજીને સહજાનંદ સ્વામીએ દર્શન દીધાં, એ જ રાત્રીએ સ્વપ્ન જોયું. એની વીગત આ પ્રમાણે છે; અમારા વતનમાં મારો એક ખાસ સોની મિત્ર રહેતો હતો. તેના ઘરમાં એક ખૂણામાં માટીનાં માટલાં ગોઠવેલાં દેખાય છે. પ્રત્યેક માટલા ઉપર, જીવનને ઉન્નતિને પન્થે લઈ જનાર સત્ય, અહિંસા, પ્રેમ એવા વિભિન્ન શબ્દો શ્વેત, વાદળી ને લાલ રંગથી સાદાઈપૂર્વક આલેખાયા હતા. આ બધાં માટલાંથી જૂદું તરી આવતું એક સાધારણ મોટું માટલું વચ્ચે દેખાતું હતું. આ મુખ્ય માટલા ઉપર નીચે પ્રમાણે શબ્દો લખેલા હતા :

'ગુરુભાવ રાખ, તારું અડધું ઋણ ફીટી જશે!' ઉપરોક્ત શબ્દો ખૂબ જ સ્પષ્ટતાથી વંચાતા હતા. જાગ્રત અવસ્થામાં જ વંચાતા કે કહેવાતા કે સંભળાતા હોય એટલી એ શબ્દોની પ્રતીતિકરતા લાગતી હતી.

ગુરુમહિમાનું ગાન જેટલું કરીએ તેટલું ઓછું છે. ગુરુની શીળી છત્રછાયા હેઠળ માનવી આંટીઘૂંટીમાંથી રાહત મેળવે છે. સાંસારિક સુખવૈભવ ભોગવે છે ને સમય જતાં સાંસારિક વિષયવાસનામાંથી વિમુક્ત બની અધ્યાત્મને અભિમુખ બની આત્મવિકાસની કેડીએ પ્રયાણ કરે છે. સાંસારિક ભોગો ભોગવી પોતે કરેલાં કર્મોનું સુખદ-દુઃખદ ફળ ભોગવી અંતે મુક્તાત્મા બને છે ને ગુરુના ચરણનું શરણ ગ્રહણ કરી ચોવીસ લક્ષ યોનિના ફેરામાંથી મુક્તિ મેળવે છે. ગુરુનો પ્રેમ સંપાદન કરવાથી જીવ ઋણમુક્ત બને છે.

આમ ઉપરોક્ત શબ્દો દ્વારા જાણે કોઇકે પૂજ્ય ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખવાનું કે એમનો પ્રેમ સંપાદન કરવાનું, એમનો આદર-સત્કાર કરવાનું કહ્યું હતું.

બીજે દિવસે ગુરુદેવ શ્રી શાસ્ત્રીજી સમીપ જઈને એમનાં ચરણોમાં પ્રણામ કરી ઉપરોક્ત સ્વપ્નની વિગતો પ્રસ્તુત કરી. પૂ. શાસ્ત્રીજી જાણે આ વાતથી સંપૂર્ણ સંપ્રજ્ઞાત હોય એમ ધીર-ગંભીર હાસ્ય વેરતા બોલ્યા : 'સારું, ઘણું સરસ ... જપ ચાલુ રાખો!' ને તેઓ અટકી ગયા. સાચે જ આશ્ચર્યજનક રીતે મારી પરિસ્થિતિમાં ફેર પડયો. મારું ઋણ ફીટી ગયું. ત્યાર બાદ હું નિશ્ચિંત, શાંત ને સમ્પૂર્ણ સ્વસ્થ રહેવા લાગ્યો. વેદના કે સંક્ષુબ્ધતાની એક રેખા માત્ર પણ રહી નહોતી. સંતોષપૂર્વક આનન્દમય જીવન પસાર થઈ રહ્યું હતું.

ઉપરોક્ત સ્વપ્નપ્રસંગ પછી અમે અમારા દેવસ્થાનમાં પૂ. શ્રી શાસ્ત્રીજીની છબી સમક્ષ નિયમિતપણે દીપ પ્રગટાવીએ છીએ. મંત્રોચ્ચારના આરંભપૂર્વે નિયમિતપણે પૂ. શાસ્ત્રીજીની છબીને હૃદયપૂર્વક નમસ્કાર કરીને ગુરુમંત્ર જપતા હતા. હરહંમેશ મંત્રજપના પ્રારંભ પૂર્વે ગુરુદીપ પ્રગટાવતાં ને મંત્રજપમાંથી ઊઠીએ નહિ ત્યાં સુધી એ અખણ્ડ ઘૃતદીપ પ્રજ્વળતો જ રહેતો.

□

# અ-લૌકિક ઈશ્વરીય શક્તિની લૌકિક કૃપાપ્રસાદી !

શ્રદ્ધા એટલે શું?

જે સારું છે ને સાચું છે તેને, ધારણ કરી રાખવું, જે સાચી ને સારી ભાવના છે તેને ધારણ કરી રાખવી, અને એ સારી ને સાચી ધારણ કરી રાખેલી ભાવનાનાં સ્પંદનો માનવહૃદયમાં તેમ જ તેના સમસ્ત અસ્તિત્વમાં એક અદ્‌ભુત, અનોખી ને અનેરી શક્તિનો આવિર્ભાવ સાધે છે, જે શક્તિના આવિર્ભાવથી માનવી ઇપ્સિત ધ્યેય સુધી પહોંચી શકે છે, અથવા અસાધ્ય રોગ સામે ઝઝૂમવાની તાકાત મેળવે છે, તેમાંથી રાહત કે મુક્તિ મેળવે છે.

શ્રદ્ધા એ માનવીના ભૌતિક તેમ જ આધ્યાત્મિક ઉભય જીવનનું અવલમ્બન છે, જેના વડે માનવી અનેકવિધ પ્રગતિ ને ઉન્નતિ સાધી શકે છે અને તબીબી શાસ્ત્ર સામે પડકાર ફેંકે છે, નિષ્ણાત તબીબોને આશ્ચર્યચકિત કરી દે છે અને તેથી જ શ્રદ્ધા ઉપર અવલમ્બિત આધ્યાત્મિકતા અ-લૌકિક કહેવાય છે.

શ્રદ્ધાના અવલમ્બન દ્વારા માનવી નિજી શરીરની કેવી અસાધ્ય પીડામાંથી બહાર આવે છે, તે પ્રસ્તુત પ્રસંગથી સમજાય છે.

અમદાવાદના શ્રી દેવેન્દ્ર પટેલ જણાવે છે :

'પ્રાતઃ સ્મરણીય પૂજ્ય શ્રી શાસ્ત્રીજી,

લગભગ બારેક માસથી મારી મમ્મીને બન્ને હાથ અને ખભા ઉપર ઝણઝણાટી અને ખૂબ દુખાવો થતો હતો. આથી મારી મમ્મીએ અમારા ફેમિલી ડૉક્ટરની દવા ચાલુ કરી. પ્રથમ એક માસ દવા લીધી. એક માસ લાગલગાટ ઇંજેક્શનો લીધાં. છતાં કશો ફેર પડ્યો નહિ. દુખાવો વધતો જ ગયો. એટલે ડૉક્ટરે એક્સ-રે પડાવવાની સલાહ આપી. એક્સ-રે પડાવ્યો. એક્સ-રે જોઈ ને ડૉક્ટરે કહ્યું કે ખભાની હાંસડીનું હાડકું વધે છે. એ કારણે જ દુઃખાવો થાય છે. વળી ડૉક્ટરે વધુમાં કહ્યું કે આવો કેસ હજાર કેસોમાં ભાગ્યે જ આવે છે. આથી તેમણે કહ્યું કે હાડકાંના નિષ્ણાત ડૉક્ટર પાસે ઓપરેશન કરાવવું પડશે. પરન્તુ આ ઓપરેશનમાં જીવનનું જોખમ ખરું. ઓપરેશન ન કરાવો તો દુખાવો વધતો જાય. ઘરનું કોઈ કામકાજ થઈ શકતું નહોતું. ત્યાર બાદ અમદાવાદના જાણીતા હાડકાના નિષ્ણાત ડૉક્ટરોને એક્સ-રે બતાવ્યો. તે જોઈને તેમણે ઓપરેશનની જ સલાહ આપી, પરન્તુ તેમણે કહ્યું કે ઓપરેશન સફળ થશે, પણ ઓપરેશન થયા પછી કેટલાક દિવસો સુધી આરામ કરવો પડે. અને કામ થઈ શકે કે નહિ, તેની કોઈ ખાતરી નહિ. આથી અમે મૂંઝવણમાં મૂકાઈ ગયા. આથી હું ને મારા પપ્પા પૂ. શ્રી શાસ્ત્રીજી પાસે ગયા. અને ઓપરેશન અંગે પૂછ્યું. પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ જણાવ્યું કે ઓપરેશન કરાવશો નહિ.

પછી પૂ. શ્રી શાસ્ત્રીજીનું જીવનજળ ચાલુ કર્યું અને અન્ય જે કંઈ સૂચનો કર્યાં તેનો અમલ શરૂ કર્યો. મારા પપ્પાએ મારી મમ્મીને કહ્યું કે માતાજી પર પૂરી શ્રદ્ધા રાખશો તો જ મટશે. 'શ્રદ્ધા છે' એમ બોલવું અને ખરેખર શ્રદ્ધા મૂકવી એ બેમાં ઘણો ફરક છે. મારી મમ્મીએ માતાજી પર અખૂટ શ્રદ્ધા રાખી પૂ. શાસ્ત્રીજીના આદેશ અનુસાર અમલ કર્યો. છ માસમાં દુખાવો તદ્દન મટી ગયો. અત્યારે મારી મમ્મીને દુખાવો થતો નથી. તે સમ્પૂર્ણ કામ કરી શકે છે. થોડા વખત પછી ડૉકટર પાસે ગયા ને એક્સ-રે પડાવવા અંગે પૂછ્યું. ડૉકટરે કહ્યું કે દુખાવો ન થતો હોય તો એક્સ-રે પડાવવાની જરૂર નથી.

ત્યારે મારા પપ્પાએ કહ્યું કે, 'ઘટ ઘટને ઘડનારી મા આગળ ડૉકટરો શું કરવાના છે...'

પરમતત્ત્વની-પરમાત્માની શક્તિ અનન્ત-અસીમ-અગૂઢ ને અકળ છે. તેનો આશ્રય લેવાથી તે શક્તિનાં સ્પંદનો માનવીના શરીરમાં, તન-મન ને પ્રાણમાં ઊતરીને તેને શક્તિસંપન્ન બનાવી તન-મનના-નિદાનથી પર બની ચૂકેલા રોગોનો પરિહાર કરી માનવીના જીવનને-શરીરને-મનને સ્વસ્થ, શાંત ને નિરોગી બનાવે છે.

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત.

NARENDRA
PROCESSING
INDUSTRIES

Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889

□

3-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002

# મકાન હોનારતમાંથી બચાવ !

જેને માતાજીમાં સમ્પૂર્ણ વિશ્વાસ છે, જીવનમાં પ્રત્યેક પગલે તેને ઓળખીને ચાલે છે, તેના પર સૂક્ષ્મ રૂપે માતાજીની છાયા છવાયેલી રહે છે. તેના જીવનની પ્રત્યેક નાની મોટી ઘટના કોઈ ને કોઈ સંકેતો લઈને આવે છે. તે સંકેતો શુભ જ હોય તે કહેવાની જરૂર નથી. એ શુભ સંકેતો માનવીના જીવનને બચાવે છે ને બનાવે છે.

પ્રસ્તુત પ્રસંગમાં મકાન હોનારતમાંથી કેવો બચાવ થયો તે દર્શાવ્યુ છે.

અમદાવાદના શ્રી **ભરતભાઈ પટેલ** લખી જણાવે છે :

'સાચા દિલથી માની ભક્તિ કરનારને મા સદ્‌બુદ્ધિ ઉત્તરોત્તર આપી રહી છે. વળી શ્રદ્ધાળુ-દુઃખી માનવીને માને શરણે જવાની વાત તરત જ કહેવાઈ જાય છે. માનું શરણું લેનારના દુઃખો ત્વરિત દૂર થઈ જાય છે.

મારા સાસરા પક્ષના એક સમ્બન્ધી નવા વાસ, સ્વામીનારાયણ મન્દિર પાસે રહેતા હતા. તેમણે પોતાનું મકાન વર્ષોથી એક ભાઈને ભાડે આપેલું. તેમને મુંબઈથી અમદાવાદ રહેવા આવવાનું થયું. મકાન ખાલી કરવા પેલા ભાઈને વિનંતી કરી, પણ તેઓ ખાલી ન કરે. તેમને રહેવાની રૂમ ઘણી નાની હતી.

એક દિવસ તેઓ મારે ત્યાં આવ્યા ને આ વાત કરી મેં મા ગાયત્રીનું શરણું શ્રદ્ધાથી લેવા કહ્યું. તેમ જ પૂ. ગુરુદેવને મળવા કહ્યું. તેઓ સોમવારે આવવાના હતા, પણ આવ્યા નહિ. બીજા દિવસે સમાચાર મોકલાવ્યા કે પેલા ભાડવાત ભાઈ સોમવારે જ સવારે સાત વાગ્યે ખટારો લઈ આવ્યા ને બધો સામાન લઈ ચાલ્યા ગયા છે. આથી અમો સૌ આનન્દાશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

આથી અમારા સમ્બન્ધીઓની શ્રદ્ધા વધી ગઈ. બધા જ ગાયત્રી-મન્ત્ર કરવા લાગ્યા.

મારા સાળાને વડોદરામાં એક ખડકીમાં ત્રણ રૂમો હતી, જેમાંની નીચેની બે રૂમો એક દમ્પતીને ભાડે આપેલી, ઉપરની ત્રીજા માળની રૂમમાં તેઓ રહેતા હતા. વળી તેમનું પોતાનું સ્વતંત્ર મોટું ઘર પણ હતું. ઘણાં વર્ષોથી રહેતા ભાડવાત દમ્પતીના છોકરા-છોકરીઓ પરણી અમેરિકા ગયા. હાલ તેઓ પણ ત્રણ વર્ષથી અમેરિકા રહેવા ગયા છે. તેમને ઘણી વિનંતી કરી કે તમો હવે અમેરિકા રહો છો તો અમોને બન્ને રૂમો પરત કરો. પણ તેઓ માન્યા નહિ.

મારી મિસિસે તેના ભાઈને ચાલીસા હરતાં ફરતાં કરવા કહેલું. તેમણે ઘણી શ્રદ્ધાથી મા ગાયત્રીના ફોટા પાસે ચાલીસાનો પાઠ કરેલો.

તેઓ બીજે દિવસે સવારે છ વાગ્યે લગ્નમાં જવાનાં હોઈ, ઊઠીને ત્યાંથી તેઓ તેમના બીજા ઘેર આવી ગયા. (ભાડવાતની ઉપરની રૂમમાં તેઓ રાત્રે સૂતા હતા.)

બરાબર સાત વાગ્યે મોટા ધડાકા સાથે ત્રીજા માળની રૂમ આખી નીચે બેસી ગઈ. ઘરવખરી બધી જ નીચે આવી. માએ ત્રણેને બચાવી લીધા. મારો સાળો, તેની પત્ની અને તેની નાની બેબી.

માની આ કૃપાથી બધા ભાવવિભોર બની ગયા છે.

□

# શ્રદ્ધા, શરણાગતિ અને અભયવચન!

એક વ્યક્તિના બીજી વ્યક્તિ પ્રત્યેના પૂર્વગ્રહો, વેર, ઝેર, ઇર્ષ્યા, દ્વેષભાવ કે તેજોદ્વેષને કારણે પેલી વ્યક્તિ પર તેની નોકરીમાં જાતજાતના સાચાખોટા આક્ષેપો થાય છે. તેની બદલીઓ કરાવાય છે, એટલું જ નહિ, તેને ખોટી રીતે સંડોવીને તેના પર કોર્ટમાં કેસ પણ ચલાવાય છે ત્યારે માનવી સહજપણે જ અકળાઈ ઊઠે છે, પણ '**મારે માથે હજાર હાથવાળો અખંડ મારી રક્ષા કરે**' એવી એક ભજનની ઉક્તિ અનુસાર પરમાત્માનો શરણાગત, તેનામાં શ્રદ્ધા સેવનાર માનવી કેવી રીતે ઊગરી જાય છે, તે અહીં દર્શાવ્યું છે.

વડોદરાના એક ભાઈ લખે છે:

'પરમ પૂજ્ય ગુરુદેવ,

સાદર નમસ્કાર.

વડોદરાથી આપના સાન્નિધ્યમાં રહી મા ભગવતી ગાયત્રી દેવીનું સ્મરણ કરનાર આપનાં બાળકો – પરસોત્તમ, સુલોચના, ભાઈ કાન્તિ તેમ જ કુટુમ્બીજનોના ઊંડા અન્તઃકરણથી આપશ્રીને અમારા લાખ લાખ વન્દન.

નોકરી નહોતી મળી ત્યાર પહેલાંનું મા ગાયત્રીનું શરણું સ્વીકાર્યું અને સદ્‌ભાગ્યે આપશ્રીનો મેળાપ થયો, ત્યારથી જ મેં મારું સર્વસ્વ મા ગાયત્રી તેમ જ આપને સમર્પણ કરી દીધું છે. પછી ભલે સુખ મળે કે દુઃખ તેની ચિન્તા નથી. જીવનમાં ઘણાં પરીક્ષણો આવ્યાં અને ગયાં. માથે ઘણી મુશ્કેલીઓ આવી પરન્તુ માની કૃપાથી દરેક મુશ્કેલીઓનો હિંમતપૂર્વક સામનો કરી શક્યો. મને ઘણા કડવા અનુભવો થયા. હેરાન–પરેશાન થઈ ગયો. પરન્તુ મા ગાયત્રી પ્રત્યે સહેજ પણ અણગમો વ્યક્ત કર્યો નહિ. દરરોજ નામ લેવાનું ચૂકતો નહિ. વિધિવિધાન તો કંઈ જાણતો નથી. પરન્તુ સમ્પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી મા ગાયત્રી મહામંત્રની ત્રણ માળા કરું છું. સમ્પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી જ માનું સ્મરણ કરું છું. હું ઘણો જ સાવધાન અને નમ્ર છું. સદ્‌માર્ગે ચાલું છું, તેમ છતાં મારા માથે અણધારી આફતો કે મુશ્કેલીઓ આવે છે. જ્યારે આવો સમય આવે છે ત્યારે આપને અને મા ગાયત્રીને, મારા હૃદયના ઊંડા અન્તઃકરણથી મારી વહારે ધાવા પ્રાર્થના કરું છું, ત્યારે મારી આફતોનાં વાદળાં વિખરાઈ જાય છે. આપના આશીર્વાદને મારા જીવનનું ધ્યેય માનું છું.

આજે આપને જણાવતાં આનન્દ વ્યક્ત કરીએ છીએ કે, તા. ૧૧–૧૧–'૮૨ના રોજ એક માણસે ના. મેજી. સાહેબની કોર્ટમાં મારી ઉપર ફરિયાદ કરી હતી અને તે જ દિવસે મેં મારા નાના ભાઈ કાન્તિને 'સમન્સ'ની નકલ લઈને આપની પાસે શુભ આશીર્વાદ લેવા માટે મોકલ્યો હતો. ફરિયાદ વિશે આપને વિગતે વાત કરી હતી. આપે આશીર્વાદ આપી કહ્યું હતું કે, 'ચિન્તા ન કરતા. માની કૃપાથી કંઈ નહિ થાય.' જેથી અમારામાં ઘણી હિમ્મત અને સાહસ આવ્યાં હતાં. કોર્ટમાં કેસ ચાલતો હતો, છતાં અમે આનન્દ–ઉલ્લાસમાં જ રહેતા હતા, કેમકે અમારું પીઠબળ આપ ને મા ગાયત્રી હતાં. અમને વિશ્વાસ અને શ્રદ્ધા હતાં કે આપના શબ્દો હંમેશ ફળે જ છે. આપના મુખમાંથી નીકળેલા શબ્દો કોઈકાળે મિથ્યા ગયા નથી, અને જશે પણ નહિ.

ત્યાર પછી, ૬–૫–૮૩ના રોજ મુદત હતી. આ તારીખે મેજી. સાહેબે અમોને તા. ૯–૫–'૮૬ના રોજ જજમેન્ટ આપવાનું જણાવ્યું, જેથી અમોને થોડી ગભરામણ જેવું થયું. આથી મેં મારા નાના

ભાઈ દ્વારા ટેલિફોન કરાવીને આશીર્વાદ મેળવ્યા કે, આવતી કાલે, તા. ૯-૫-'૮૩ ના રોજ અમારું ફાઈનલ જજમેન્ટ-અંતિમ ચુકાદો-છે. અમોને ચિન્તા થાય છે. ગુરુદેવે આશીર્વાદ આપ્યા કે ચિન્તા ન કરતા, 'માની કૃપાથી કંઈ નહિ થાય.'

આપના શુભ આશીર્વાદ અને માની અસીમ કૃપાથી તા. ૯-૫-'૮૩ ને સોમવારના રોજ ના. મેજી. સાહેબે અમોને નિર્દોષ ઠરાવી, સામાવાળાની ફરિયાદ ખોટી ઠરાવી, ફરિયાદ રદ કરી છે. અમોને નિર્દોષ ઠરાવી ચુકાદો આપી દીધો છે. જેથી મને, મારા માતાપિતા, ભાઈ-બહેન, સગાંસંબંધીઓમાં ઘણો જ આનન્દ થયો છે.

આપ મારા જીવનના મુખ્ય આધાર તેમ જ તારણહાર છો.

અમોને સદ્‌બુદ્ધિ આપજો અને સદ્‌માર્ગે જઈએ તેવી પ્રેરણા કરજો.

લિ. આપનાં બાળકો'

ઈશ્વરે મનુષ્યને આપેલું જીવન પણ એક અદાલત જ છે. એ અદાલતમાં આધિ-વ્યાધ-ઉપાધિના અનેક કેસો-ખટલાઓ આપણી સામે ચલાવવામાં આવે છે. એમાંથી છૂટવા, નિર્દોષ સાબિત થવા મનુષ્યે ઈશ્વરની જ શરણાગતિ સ્વીકારવી પડે છે. એનામાં જ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવા પડે છે. ત્યારે ઈશ્વર સ્વયં માનવીને માર્ગદર્શન આપે છે-દોરવે છે-સદ્‌ગુરુનો ભેટો કરાવીને તેમના માધ્યમ દ્વારા માનવી જ્યારે પ્રભુનો પ્યારો બને છે ત્યારે પ્રભુ માનવીને પોતાના પ્રેમની પ્રતીતિ કરાવવા સદ્‌ગુરુ મેળવી આપે છે. સદ્‌ગુરુ મેળવ્યા પછી માનવીની સાચી શ્રદ્ધા, શરણાગતિ ભક્તિ, ઉપાસનાનો ઉદ્‌ભવ થાય છે. માનવીનું સાચું આધ્યાત્મિક જીવન આરંભાય છે.

□


શુભેચ્છા સહિત :

Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

ડૉકટર જયંત ફેબ્રીકસ

એમ્બ્રોઈડરી જ્યોર્જેટ બનાવનાર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધનારોડ

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧

## ॥ श्री सद्‌गुरु वन्दना ॥

रचयिता : तपस्वी नान्दी

अस्माकं गुरवो मातर् लोकसंग्रहसंरताः ।
दीर्घमायुस्तथाऽऽरोग्यं कल्याणं चाप्नुवन्तु ते ॥ १ ॥

હે મા, અમારા ગુરુજી લોકસંગ્રહમાં સંરત છે, તેઓ દીર્ઘજીવન, આરોગ્ય અને કલ્યાણ પ્રાપ્ત કરે. (૧)

विख्याताः भारते देशे तथा देशान्तरेषु च ।
गायत्रीज्ञानमर्मज्ञाः गायत्रीचरणे रता ॥ २ ॥

અમારા શ્રી સદ્‌ગુરુ ભારત દેશમાં વિખ્યાત છે, તથા દેશાન્તરોમાં પણ (વિખ્યાત છે). તેઓશ્રી ગાયત્રી (વિષયક) જ્ઞાનના મર્મજ્ઞ છે, (અને) શ્રી ગાયત્રીનાં ચરણોમાં રત છે. (અનુરક્ત છે.) (૨)

श्री शोभाबलसंयुक्ताः शरणागत वत्सला ।
निवृत्तौ च निमग्नास्ते प्रवृत्तौ च प्रवर्तिताः ॥ ३ ॥

(તેઓશ્રી) શ્રી (=લક્ષ્મી), શોભા અને બલથી યુક્ત છે, તથા શરણે આવેલાઓના વત્સલ છે. (તેઓ) નિવૃત્તિમાં નિમગ્ન છે (છતાં) પ્રવૃત્તિમાં પ્રવર્તિત છે. (૩)

गायत्रीतनयाह्येते गायत्री ध्यानमण्डिताः ।
शरणागतदीनार्तपरित्रणापरायणाः ॥ ४ ॥

(તેઓશ્રી) ગાયત્રી માતાના પુત્ર છે (તથા) ગાયત્રીના ધ્યાનથી મંડિત છે. શરણે આવેલાં દીન અને દુખિયાંના પરિત્રાણ (=રક્ષણ)માં રત છે. (૪)

मूढोऽहं विषयासक्तः मन चंचलमेव मे ।
कृपां च भवतां याचे भक्तिश्रद्धे च मुक्तिदे ॥ ५ ॥

હું મૂઢ (અને) વિષયાસક્ત છું (તથા) મારું મન ચંચળ છે. હું આપની કૃપા યાચું છું તથા મુક્તિ આપનાર ભક્તિ અને શ્રદ્ધા યાચું છું. (૫)

પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત



આરતી ટ્રેડર્સ

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫


# કાવ્યપ્રસાદ

ભક્તિ, ભગવાન, ધર્મ, ધાર્મિકતા, પૂજા ... આ બધી વાતો પ્રત્યેક વ્યક્તિના કોઈ એક ખૂણામાં શ્રદ્ધારૂપે, સૌ સૌની આગવી રીતે વણાઈને, ઓતપ્રોત થઈને બેઠેલી જ હોય છે. સ્નાનાદિથી લઈને પોતાના ઇષ્ટદેવની પૂજા, ધૂપ, દીપ, આરતી, નૈવેદ્ય, થાળ, જપ, તપ વગેરે ક્રિયાઓ આપણી સમગ્ર ઉપાસના–ભક્તિના રૂપમાં એક નિશ્ચિત પદ્ધતિથી દરરોજ આપણે કર્યા કરીએ છીએ. આ ક્રિયાઓમાં–ઉપાસનામાં આપણી સમગ્ર ભક્તિ જાણે સમાઈ જાય છે, પરિપૂર્ણ થઈ જતી લાગે છે. સામાન્ય રીતે મોટે ભાગે આપણે સૌ ક્રિયા કરીને જ અટકી જઈએ છીએ. તેમાં જ આપણને ભક્તિની પરિપૂર્ણતાનો સંતોષ રહ્યા કરે છે. આપણે કંઈક ભક્તિ કરી. ભગવાનની સમીપ ગયા તેવો આનન્દ માણીને દિવસ પૂરો થયો તેમ ગણીએ છીએ. હકીકત આટલે સુધી બરાબર છે. તેમાં કંઈ અયોગ્ય તો નથી, પરન્તુ, ભક્તિને તેના અસલ સ્વરૂપમાં, સ્વભાવમાં ઓળખવા પ્રયત્ન કરીએ તો ભક્તિ તો વ્યક્તિના હૃદયનો સમ્પૂર્ણ વિકાસ કરનાર અને પ્રભુચરણમાં લઈ જનાર પૂર્ણ પ્રેરક બળ છે. અનેક ભક્તોનાં ઉદાહરણો આ હકીકતને અનુરૂપ સમર્થન કરે છે. ક્રિયા કે ઉપાસના જ્યાં સુધી ભક્તિ સાથે જોડાણ કરી આપનાર શક્તિ તરીકે બહાર ન આવે ત્યાં સુધી ઉપાસના કરનારમાં પણ શક્તિ ન આવે, ભક્તિ ફળદાયક નીવડતી ન લાગે, અને કદાચ કોઈક વખત તે અવરોધક પણ બને. જો તે ભક્તિને પ્રગટ થવામાં સહાયક બને તો તેમાં ફળપ્રાપ્તિની–સફળતાની ખાતરી સંપૂર્ણપણે રહેલી છે. પૂજા કે ઉપાસના માત્ર ક્રિયા જ રહે, જો તેમાં ભાવ કે ભક્તિ પ્રવેશે નહિ, તેમાં ચૈતન્ય નહિવત્ રહે એટલે ક્રિયા–ઉપાસનાની કેડી દ્વારા આંખ પલટાઈ જવી આવશ્યક છે. ભાવનો આવિષ્કાર તે કેન્દ્રવર્તી છે. જગત–સંસાર પ્રત્યેની આપણી દૃષ્ટિ, લાગણીઓ બદલાઈ જવી જરૂરી છે. તે છે ભક્તિ — ભક્તિ શુદ્ધ પ્રેમસ્વરૂપ છે. તુલસીદાસજી કહે છે — બીના પ્રેમ રીઝે નહિ, તુલસી નંદકિશોર. કબીરજી સમર્થન કરે છે — ઢાઈ અક્ષર પ્રેમ કે ભણે સો પંડિત હોઈ.

શુદ્ધ પ્રેમ જ પ્રભુ છે. ભક્તિ દ્વારા આપણા અન્તરનો ભાવ, પ્રેમ પરમાત્મા તરફ વહે છે. પ. પૂ. શાસ્ત્રીજીનો શ્રદ્ધા ને શરણાગતિનો અભિગમ આ વસ્તુ જ શીખવાડે છે. તેઓશ્રીના બાહ્યાભ્યંતર બન્ને સ્વરૂપો પ્રેમમય, આનન્દમય છે. એક વખત પ્રેમનું વહેણ શરૂ થઈ જાય પછી તેને કોઈ પરિબળ અટકાવી શકતું નથી. ક્રિયા જો પ્રેમમયી ના બને, ભક્તિ ના બને, તો ક્રિયા માત્ર ક્રિયા જ રહી જાય. ભક્તિના ઇતિશ્રી ત્યાં જ થઈ જાય. આંખ ખુલી ગયા પછી બધે સવારો સવારો જ છે. આંખ પલટો તો આલમ બદલાઈ જશે, પરન્તુ, આમ થવામાં સર્વભૂત રિતેરતાઃ તેવા સદ્‌ગુરુની કૃપા જીવનમાં બહુ જ મોટો ભાગ ભજવે છે. ઇશ્વર તો સામાન્ય માટે અદૃશ્ય છે પરોક્ષ છે. તેથી સદ્‌ગુરુના ચરણે જઈ ભક્તિની જ યાચના કરવાની હોય છે. પ્રભુ પ્રત્યે પ્રેમ, ભક્તિ અને સંપૂર્ણ ભાવ સદ્‌ગુરુ જ ઉત્પન્ન કરી આપે છે. સદ્‌ગુરુના આશીર્વાદ મળ્યા બાદ, મંઝિલ, ગન્તવ્યસ્થાન દૂર નથી. પછીથી અંતરની કલ્પના જ રહેતી નથી. પથ્થરની મૂર્તિમાં પ્રભુ સ્વયં બિરાજેલા જણાય છે – કદમ ઊઠે સફર મંઝિલો થઈ જશે. સંસારની સફળતાઓ બહુ સહજ રહે છે, ભક્તિ કૃપાસાધ્ય છે. સદ્‌ગુરુ કૃપા થકી ભક્તિ (પ્રેમ) સુલભ બને છે. આપણે ભગવાન સાથે જોડાવું હોય તો એક પ્રેમ છે. આ સિવાય ઈશ્વર સાથે એકમેક થવું મુશ્કેલ છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં અર્જુન વારંવાર ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે હાથ જોડીને ભક્તિની યાચના કરતા જણાય છે – ભક્તિનું પ્રેમથી અહીં વતન થઈ જશે – આંખો મળશે મિલન ત્યાં પૂરું થઈ જશે – પ્રાણ પણ પથ્થરોમાં પૂરણ થઈ જશે.

વેશપલટો છતાં આંખ વરતાઈ જશે
દેશપલટો ભલે છાપ પરખાઈ જશે
મૌન છો તેથી શું? છે હકીકત, તમે
આંખ પલટો તો આલમ બદલાઈ જશે.
રંગને રંગ તો કંઈક બદલાઈ જશે
ખુશબૂ પણ હતી ના હતી થઈ જશે.
યાદ કાંટાની આવી જો સ્હેજ જ જીવન!
બાગ છોડી ફૂલો અલવિદા લઈ જશે.
વાત પલટો 'વિષય' વાતનો થઈ જશે
આમ ઉપર ઉપા સ્વાર પણ થઈ જશે
લાકડી, પંગુ–'હું' ને મળી રહે અહીં
કદમ ઊઠે સફર મંઝિલો થઈ જશે.
આવી કહે તો ઘડી! રાહ ક્યાં લઈ જશે
સદ્‌-ગુરુ શાસ્ત્રીજી – ક્યારે ત્યાં થઈ જશે
હઈશ છો કાષ્ટ તું, છો ને પાષાણ તું
પ્રાણ પણ પત્થરોમાં પૂરણ થઈ જશે
'ભાવ' આપો દીપક આરતી થઈ જશે
ફૂલમાળા પૂજન ધૂપ પણ થઈ જશે
પ્રેમ છો, પ્રેમથી પ્રેમ આપી જુઓ!
ભક્તિનું પ્રેમથી અહીં વતન થઈ જશે.
પૂછી લીધું મેં પ્રહ્‌લાદ, મીરાંને પણ
કહે છે, પ્રગટે છે તે ક્યાં કળાતો નથી
થોડો હું થોડો તું સામે આવી તો જો
આંખો મળશે, મિલન ત્યાં પૂરું થઈ જશે.

— સતીશ ભટ્ટ



મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ

**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

**'ભગવતી'**

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫,
(ડિ. વલસાડ)

# સમાચાર

૧. તા. ૭–૧૦–૮૩ થી તા. ૧૫–૧૦–૮૩ સુધી આસો નવરાત્રી છે. અનુષ્ઠાન કરવા ઈચ્છતા ભાઈબહેનોને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ.

૨. તા. ૫–૧૧–૮૩ ના રોજ વિક્રમસંવતનું નવું વર્ષ શરૂ થાય છે. સર્વે ભાઈ-બહેનોને "નૂતન વર્ષાભિનંદન".

૩. નવેમ્બર ૧૯૮૩માં પૂજ્ય ગુરુદેવનો વ્યક્તિગત મુલાકાતનો કાર્યયજ્ઞ નીચે પ્રમાણે છે:

| | | | |
|---|---|---|---|
| अ. | તા. ૧૦–૧૧–૮૩ થી ૧૨–૧૧–૮૩ | ગુરુવારથી શનિવાર | સુરત |
| ब. | તા. ૧૫–૧૧–૮૩ થી ૧૭–૧૧–૮૩ | મંગળવારથી ગુરુવાર | નાગપુર |
| क. | તા. ૧૮–૧૧–૮૩ થી ૨૦–૧૧–૮૩ | શુક્રવારથી રવિવાર | મુંબઈ |
| ड. | તા. ૨૬–૧૧–૮૩ થી ૨૭–૧૧–૮૩ | શનિવારથી રવિવાર | ફરીદાબાદ |

**મુલાકાતનો સમય – દરેક સ્થળે બપોરના ૧૨ થી ૪ વાગ્યા સુધી.**

* **સુરત** : સીંગાપુરીની વાડી, મહારાજા થીયેટરની સામે, રુસ્તમપુરા, સુરત.
* **નાગપુર** : વજુભાઈ ગગલાણી, ન્યુ હાઉસીંગ, ઇતવારી સોસાયટી, નાગપુર ૪૪૦૦૦૨
* **મુંબઈ** : ગંગાદાસની વાડી, બાબુલનાથ મંદિર પાસે, ચોપાટી, મુંબઈ.
* **ફરીદાબાદ** : શ્રી એમ. એન. પટેલ, સેકટર ૭ એ/૩૫, ફરીદાબાદ (હરિયાણા)

૪. તા. ૨૭–૧૧–૮૩ રવિવારના રોજ ફરીદાબાદમાં પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

૫. તા. ૫–૧૧–૮૩ થી ૩૦–૧૧–૮૩ સુધી બહારગામનો કાર્યયજ્ઞ હોઈ પૂજ્ય ગુરુદેવ 'નીલોષા' પર મળી શકશે નહિ. તા. ૧–૧૨–૮૩ થી રાબેતા મુજબ 'નીલોષા' પર મળી શકશે.

૬. 'આધ્યાત્મિક કેડી' ત્રૈમાસિક અંકનું વાર્ષિક લવાજમ ડિસેમ્બરમાં પૂરું થાય છે. ૧૯૮૪ ના વર્ષ માટે આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો.
પાંચ વર્ષનું સામટું લવાજમ ભરી શકાશે.

| | |
|---|---|
| ભારત | ૧૦ રૂપિયા વાર્ષિક લવાજમ |
| અમેરિકા | ૫ ડૉલર્સ |
| ઈંગ્લેન્ડ | ૪ પૌંડ-સ્ટર્લીંગ. |

**સુરતમાં તા. ૨૫–૧૨–'૮૩ના રોજ સપ્તકુંડી ગાયત્રી મહાયજ્ઞ**

**સ્થળ : ખટોદરા જેલ પાસે, બેન્કો સીલ્ક મિલ કમ્પાઉન્ડ, સુરત**



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

□